મુંબાઈનાં પારસી ધર્મખાતાંઓ

સખાવત કરવા ચાહનારાઓ માટે એક ભોમિયો.

લખનાર

એરવદ જીવનજી જમશેદજી મોદી, બી. એ.

---

* અવ પધો અવ જસ્તે અવ ઉશિ દારયદ્‌વેમ્ મજદયસ્ન જરથુશ્ત્રયો ! દાઇત્યનાંમ્ રથ્‌વ્યનાંમ્ હ્વર્ષ્તનાંમ્ શ્કયોથ્નનાંમ્ વરેજાઇ, પઇરિ અધાઇત્યનાંમ્ અરથ્‌વ્યનાંમ્ દુઝ્‌વર્ષ્તનાંમ્ શ્કયઓથ્નનાંમ્ વરેજાઇ. વેરેજયતાંમ્ચ ઇધ વોહુ વાસ્ત્ર્ય ઉયમ્ન અનુયમ્નાઇથ્ ફ્રસ્ત. (વીસ્પરદ કરદો ૧૫ ફ. ૧.)

અર્થ—ઓ જરથોસ્તી મજદયસ્નાનો ! તમારા પગો, હાથો અને હુસ્યારી મજબૂત રાખો. લાયક સવખતનાં ભલાં કામો કરવાને માટે, નાલાયક કવખતનાં બુરાં કામો કરવાથી દૂર રહેવાને માટે, અંહી ભલો ઉદ્યોગ તમો કરો. તંગીમાં આવી પડેલાંઓને વગર તંગીનાં કરો.

સને ૧૨૮૦.

મુંબાઈનાં પારસી ધર્મખાતાંઓ

સખાવત કરવા ચાહનારાઓ માટે એક ભોમિયો.

લખનાર

એરવદ જીવનજી જમશેદજી મોદી, બી. એ.

"અવ્ પધો અવ જસ્તે અવ ઉશિ દારયધ્વેમ્ મજ્દયસ્ન જરથુસ્ત્રયો! દાઇત્યનાંમ્ રથ્વ્યનાંમ્ હ્વર્શતનાંમ્ શ્કયોથ્નનાંમ્ વરેજાઇ, પઇરિ અધાઇત્યનાંમ્ અરથ્વ્યનાંમ્ દુજ્વર્ષ્તનાંમ્ શ્કયઓથ્નનાંમ્ વરેજાઇ. વેરેજયતાંમ્ચ ઈધ વોહુ વાસ્ત્રય ઉયમ્ન અનુયમ્નાઇથ્ દસ્ત. (વીસ્પરદ કરદો ૧૫ ફ. ૧.)

અર્થ—ઓ જરથોસ્તી મજ્દયસ્નાનો! તમારા પગો, હાથો અને હુસ્યારી મજબૂત રાખો. લાયક સુવખતનાં ભલાં કામો કરવાને માટે, નાલાયક કવખતનાં બુરાં કામો કરવાથી દૂર રહેવાને માટે, અંહી ભલો ઉદ્યોગ તમો કરો. તંગીમાં આવી પડેલાંઓને વગર તંગીનાં કરો.

સને ૧૮૯૦.

મુંબઈ:
જં. ન. પીતીત પારસી ઑરફનેજ કૅપટન પ્રીંટીંગ વર્કસ.
લાલબાગ, પરેલ.

BY THE SAME AUTHOR.

The Funeral Ceremonies of the Parsees.

The Naojôte Ceremony of the Parsees.

The Religious System of the Parsees.

Marriage Customs among the Parsees, their Comparison with similar Customs of other Nations.

The Parsees at the Court of Akbar and Dastur Meherji Rânâ.

Aîyâdgar-î Zarîrân, Shatrôîhâ-î-Aîrân, va Afdya va Sahîgîya-i Sîstân, *i.e.*, The Memoir of Zarîr, Cities of Irân, and the Wonders and Marvels of Seistân (Pahlavi Translations, Part I. Texts in Gujarati character, with English and Gujarâti translations and notes).

Jâmâspî (Pahlavi Translations, Part III. Pahlavi, Pâzend and Persian texts with translations).

Wine among the Ancient Persians.

Astodân.

The Persian Mâr-Nâmeh, or, The Book for the taking of Omens from Snakes.

Charms or Amulets and a few Ancient Beliefs about the Eclipse.

Two Avesta Amulets.

Asiatic Papers.

Haoma in the Avesta.

A Few Events is the Early History of the Parsees and their Dates.

A Glimpse into the Work of the Bombay Branch Royal Asiatic Society during the last 100 years, from a Parsee point of view.

Education among the Ancient Iranians.

King Solomon's Temple and the Ancient Persians.

Symbolism in the Marriage ceremonies of different nations.

Impression d'un Parsi sur la Ville de Paris.

La Visite d'un Parsi à la Ville de Constantinople.

La Cérémonie du Naôjote parmi les Parsis.

Gujarati. ગુજરાતી.

વાયુચક્ર શાસ્ત્ર. Meteorology.

જમશેદ, હોમ અને આતશ. Jamshed, Hom and Fire.

અવસ્તા જમાનાની ઘરસંસારી જીંદગી, ભુગોળ અને એકરારનામુ. The Social Life, Geography and Articles of Faith of Avesta times.

અનાહીત અને ફરોહર. Anâhita and Farôhar.

ભવિષ્યની જીંદગી અથવા આતમાનું અમરપણું. Immortality of the Soul.

મેહેર અને જશને મેહરંગાન. Mithra and the Feast of Mithras.

અવસ્તાના વિશેષ નામોની ફરહંગ. A Dictionary of Avestic Proper Names.

ઇરાની વિષયો. Irânian Essays, Part I.

ઇરાની વિષયો, ભાગ બીજો. Irânian Essays, Part II.

ઇરાની વિષયો ભાગ ત્રીજો. Irânian Essays, Part III.

મોત ઉપર વાએજ. A Sermon on Death.

શાહનામું અને ફીરદોસી. Shâh-nâmeh and Firdousi.

શાહનામું મીનોચેહેરનાં રાજ્ય સુધી. Shâh-nâmeh up to the Reign of Minocheher.

જ્ઞાન પ્રસારક વિષયો, (ભાગ પેહેલો). Lectures before the Dnyân Prasârak Society, Part I.

જ્ઞાન પ્રસારક વિષયો, (ભાગ બીજો). Lectures before the Dnyân Prasârak Society, Part II.

જરથોશ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો. Lectures and Sermons on Zoroastrian Subjects, Part I.

જરથોશ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો, ભાગ બીજો. Lectures and Sermons on Zoroastrian Subjects, Part II.

જરથોશ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો, ભાગ ત્રીજો. Lectures and Sermons on Zoroastrian Subjects, Part III.

જરથોશ્તી ધર્મ સંબંધી ભાષણો અને વાએજો, ભાગ ચોથો. Lectures and Sermons on Zoroastrian Subjects, Part IV.

બુનદેહેશ. Bundehesh (Pahlavi Translations, Part II).

કદીમ ઇરાનીઓ, હીરોડોટસ અને સ્ત્રેબો મુજબ. અવસ્તા અને બીજા પારસી પુસ્તકોની સરખામણી સાથે. The Ancient Iranians, according to Herodotus and Strabo, compared with the Avesta and other Parsee Books.

શાહનામાનાં દાસ્તાનો, ભાગ પેહેલો. Episodes from the Shâh-nâmeh, Part I.

શાહનામાનાં દાસ્તાનો, ભાગ બીજો. Episodes from the Shâh-nâmeh, Part II.

શાહનામાની સુંદરીઓ. Heroines of the Shâh-nâmeh.

મુક્તાદના દિવસો કેટલા છે? તે બાબેની પેહેલવી, પારસી વિગેરે પુસ્તકોને આધારે તપાસ. An Inquiry from Pahlavi Pâzend and other works on the subject of the Number of Days of the Fravardegân.

WORKS EDITED BY THE SAME AUTHOR.

K. R. Cama Memorial Volume.

The Pahlavi Mâdigân-i Hazâr Dâdistân.

K. R. Cama Masonic Jubilee Volume.

Spiegel Memorial Volume.

"રાદબેદ ચુન તિશ્ત્રય."

તિર યજદના જેવા સખી થજો.

આ વિષય

સખાવત ઉપરના મવકુલ

તિશ્ત્રય (તીર) યજદ,

જેના સદગુણુની નવાજેશે પારસી કોમનાં જીગરને

રોશન રાખ્યું છે

તે યજદની પવિત્ર યાદને

અર્પણ કર્યાં છે.

દિબાચો.

આ વિષયની મતલબ બે પ્રકારની રાખી છે. ૧. એક આ કે, સખાવત માટેનો શુભ નિયમ ટુંકમાં રજુ કરવો. ૨. બીજું આ કે મુંબાઈમાં પારસીઓનાં જે ધર્મખાતાંઓ છે, તેઓની બની શકિત એક સંપુર્ણ ટીપ સખાવત કરનારા સાહેબો હજુર રજુ કરવી અને કેવાં ધર્મખાતાંઓમાં મદદ કરવાની વધુ જરૂર છે તે દેખાડવું. બીજાં કેટલાંક ધર્મખાતાંઓ, જે ખાનગી ધર્મખાતાંઓ છે અને જેઓ બાહારની મદદ સ્વીકારતાં નથી અથવા જેઓને તેવી મદદની જરૂર નથી, તેઓ માટે આ વિષયમાં બોલવામાં આવ્યું નથી, સબબ કે આ વિષય સખાવત કરનારાઓ માટે ધાર્યો છે. આપણી મતલબ ધર્મ કરનારાઓને સમાર્ગે દોડવવાની અને તેઓની સખાવતને રાહ બતલાવવાની છે, અને નહિ કે, ચોકસ રીતે એમ કહેવાની, કે ફકત ફલાનાંજ ધર્મખાતાંને મદદ કરવી અને બીજાંને નહિ. વધારે સખાવત કેવા પ્રકારનાં ધર્મખાતાંને આપવી જોઇએ તે દેખાડી સખાવત કરનારાઓને કાળ, સ્થળ, અને સ્થિતિ પ્રમાણે પોતાના વિચારો ઉપર મેલવા જોઇએ. વળી જો આપણે આજે એમ ચોકસાઇથી કહીએ કે "ફલાનાં અને ફલાનાંજ ધર્મખાતાંઓને મદદ આપવી વાજબી છે," તો સખાવતનો રોહ તે ધર્મખાતાં તરફજ હમેશાં વેહતો રહે; અને જ્યારે તેવાં ખાતાંને વધુ જરૂર નહિ હોય ત્યારે પણ તે તરફ રકમો જાએ અને તેથી તે અનર્થ પડી રહેવાનો સંભવ રહે. માટે ખરો માર્ગ આ છે, કે આપણે લોકોનું ધ્યાન લાયક પ્રકારની સખાવતનાં ખાતાંઓ તરફ દોડાવી, તેવા પ્રકારનાં ધર્મખાતાંઓને મદદ કરવાનું યા બીજા પ્રકારનાં ધર્મખાતાંઓને મદદ કરવાનું તેઓની મરજી ઉપર રાખવું. આ નિયમ ધ્યાનમાં રાખી આ વિષય લખ્યો છે. આ વિષય લખતાં જો કોઇ ખાતાંનું નામ ભુલથી રહી ગયું હોય તો તે માટે દરગુજર ચાહું છું.

આ વિષયને તેની બાબતમાં સંપુર્ણ ગણુવો નહિ, પણ, તેનાં નામ મુજબ, તેને ફક્ત એક નાના ભોમીઆ તરીકે ગણુવો.

એક ભલા મીત્ર, જેવણુને ઘણુાંક ધર્મખાતાંઓ સાથે સંબંધ છે, અને જેવણુના પઢેલ અને કઢેલ, દાવકા અને ઠડેલ વિચારો માટે ઘણુાકોને મોટું માન છે, અને જેવણુ જેવા એકમાર્ગી, શાંત, પુખ્ત અને પાક્કા વિચાર કરનારાઓ (Thinkers) એક કોમની પુંજી સમાન છે, તેવણે મેહરબાનીની કરી આ વિષય વાંચી તે તરફ પસંદગી દેખાડી છે, અને તે છપાવવાની ભલામન કરી છે. એટલુંજ નહિ પણ તે છપાવી બહાર પાડવા માટે મદદ કરવા મરજી જણાવી છે. તે સર્વ કાજે તેવણુ માટે મારો મોટો ઉપકાર અતરે નોંધું છું.

ચકાલા, અંદેરી. તા૦ ૧૧ મી જુન ૧૯૧૦.

સાંકળીયું.

II

જુદાં જુદાં પારસી ધર્મખાતાંઓ માટેની હકીકત અને તેઓમાંથી કોઇક માટે ખાસ વિચાર

પારસી ધર્મ ખાતાંઓ.

સખાવત કરવા ચાહનારાઓ માટે

એક ભોમીઓ.

વિષયની રચના—આ વિષયની રચના આ મુજબ રાખી છે. સંખ્યાબંદ ધર્મખાતાંઓને એક પછી એક હાથ ધરી તે દરેક માટે જુદી તપાસ લેવાથી આ વિષય અતી ઘણો લંબાણુ થાય અને વળી તેવી તપાસ બીનજરૂરની છે, કારણ ઘણાંકોના સંબંધમાં કદાચ એક અને એક પ્રકારનુંજ કહેવું પડે, માટે સરસ માર્ગ આ છે, કે દરેક ધર્મખાતાં માટે એક-ન્યા બીજી બાજુનું કારણ બતલાવવાને બદલે આપણે શરૂઆતમાં ધર્મખાતાંઓ માટેની સખાવતના પ્રકારોનો સામતો વિચાર કર્યો. તે સામતો વિચાર સખાવત કરનારને તેનાં મનની વળાણુ પ્રમાણે એક ધર્મખાતાંને વધુ યા ઓછી મદદ કરવાનો યા નહિ કરવાનો વિચાર સુચવશે. એમ સામતી તપાસ રજુ કરી પછી આપણે આપણાં ધર્મખાતાંઓની સામતી ટીપ આપીશું અને જ્યાં કોઈ ધર્મખાતાં માટે ખાસ વિચાર જણાવવાનાં હશે તે જણાવીશું.

વિષયના ભાગો—આ રીતે વિષય રજુ કરતાં તેના બે ભાગ થઇ શકશે અને આપણે તેને એ બે ભાગોમાં હાથ ધરીશું.

I. ધર્મખાતાંઓને વધુ ઓછી મદદ કરવા બાબેનો સામાન્ય નિયમ યા કારણ, યાને કેવા પ્રકારના ધર્મખાતાંઓને વધુ મદદ થવી જોઇએ, તેની તપાસ.

II. જુદાં જુદાં પારસી ધર્મખાતાંઓની હકીકત અને તેઓ-માંથી કોઇક માટે ખાસ વિચાર.

I

જુદાં જુદાં ધર્મખાતાંઓને વધુ ઓછી મદદ કરવા બાબેનો સામાન્ય નિયમ યા કારણ, યાને કેવાં ધર્મખાતાંઓને વધુ મદદ થવી જોઇએ, તેની સામતી તપાસ.

એક માણુસ કોઇ ધર્મનું કામ કરે છે યા કોઈ ધર્મખાતાંને મદદ કરે છે, ત્યારે તે પ્રથમ પોતાના અહુરમજદને ખુશી કરવાના ખ્યાલથી તે કામ યા મદદ કરે છે. દાદારે તેનું કાંઇ ભલું કર્યું હોય તો તેના ઉપકાર માટે તે કાંઇ ધર્મ કરવા માંગે છે યા ધર્મખાતે રકમ આપવા માંગે છે; અથવા પોતાનાં મનની કોઇ મુરાદ પાર પડે તેને માટેની પોતાની દુઆ ગુજારીને કોઇ વાસ્તવીક રૂપ આપવા માટે, તે દુઆગુજારી સાથે, પોતે કાંઇ જાતી ભોગ (Sacrifice) આપવાને તૈયાર છે, એવું દેખાડવા માટે તે કોઇ રકમ ધર્મખાતે આપે છે—પછી તે દુઆ ગુજારી પોતા માટે હોય, યા કોઇ બીજા ખેશી યા વાહલાં માટે હોય; વળી તે ખેશી યા વાહાલું જીવતું હોય યા ગુજર પામેલું હોય.

ત્યારે ધર્મખાતે કોઇ રકમ બક્ષેસ આપવા માંટે પેહેલો વિચાર કુદરતી રીતે પોતાના ખુદાતાલાને ખુશી કરવાનો છે અને તેમ તે હોવો જોઇએ. ત્યારે એવો ધર્મ કરનારે પેહેલો વિચાર આ કરવાંનો છે કે ખુદાતાલા શાથી ખુશી થાય છે?

આપણે પારસીઓ માટે વિચાર કરવાનો છે અને પારસી ધર્મ ખાતાંઓ બાબે બોલવાનું છે, તેથી આપણે એક પારસીની નજરે, જરથોસ્તી ધર્મની શિખવણી મુજબ આ સવાલનો જવાબ એમ આપીશું:— "જેબી કામથી ખુદાતાલાની પેદાયશની વૃદ્ધી થાય, તે કામથી ખુદાતાલા ખુશી થાય છે." શાયસ્ત લા શાયસ્ત નામનાં આપણાં એક

પેહલવી લખાણમાં એ બાબે કહે છે કે "જે ધણી આ જેહાનમાં અહુરમજદને ખુશી કરવાને ચાહે છે, તે ધણી અહુરમજદની પેદાયશની વૃદ્ધી કરવાને ચાહે છે." (૧)

ત્યારે કોઇ પણ રીતનો ધર્મ કરવા માંગનારા પારસીઓ માટે તેઓનાં એક પેહલવી પુસ્તકે ફર્માવેલો આ એક જરથોસ્તી સોનેરી સુંદર નિયમ છે કે "જેબી કામથી ખુદાતાલાની પૈદાયશની વૃદ્ધી થતી હોય તે કાંમમાં પોતાનાં તન મન ધનથી મદદ કરવી."

હવે "પેદાયશની વૃદ્ધી" શબ્દોથી આપણે ફક્ત "પેદાયશનો વધારો" એમજ નહી સમજવું પણ "પેદાયશનો સુધારો" એમ પણ સમજવું. વૃદ્ધી ફક્ત જથ્થા (Quantity) માંજ નહી પણ જાત (Quality) માં પણ સમજવી.

વળી ખુદાતાલાની પેદાયશની વૃદ્ધી વિષે બોલતાં ખુદાતાલાની પેદાયશ પણ તેના બોહલા અર્થે સમજવી. ખુદાતાલાની પેદાયશમાં માણસ જાત અલબતે પેહેલી જગ્યા રોકે છે. પણ માણસ જાત ઉપરાંત બીજી જાનદાર પેદાયશની વૃદ્ધી માટે, તેનાં ભલાં માટે કોશેશ કરવી, એ પણ એક ધર્મનું કામ છે. જાનવરો વતીકની બરદાસ્ત કરવી, તેઓ ઉપર પડતું ઘાતકીપણું અટકાવવું, એ પણ એક ભલું ધર્મી સખાવતનું કામ છે. માટે તેવાં કામો માટેની મંડળીઓનાં ધર્મખાતાં-ઓને પણ મદદ કરવી એ ધાર્મીક કામ ગણાય. પણ આપણા પોતાના ટોલામાં એવાં કોઇ ખાસ ખાતાં નથી, તેથી, અને આ વિષયની મતલબ આપણા માણસ જાત ભાઇઓનાં ભલાં માટેનાં ધર્મખાતાં-ઓની બાબત તપાસવાની છે, તેથી "ખુદાતાલાની પેદાયશ" માં આપણે આપણા પારસી ભાઇબંદોની બાબતને વલગી રહીશું.

---

(૧) S. B. E. Vol. V. p. 373. બાબ ૧૫ ફે. ૭.

દાદાર અહુરમજદની પેદાયશમાં, માણુસ જાતની વૃદ્ધી બાબે-વૃદ્ધીનો ઉપર જણાવેલો ઓહોલો અર્થ લેઇ—વિચાર કરતાં આપણે આપણાં ધર્મખાતાંઓને શરૂઆતમાં બે ભાગમાં વેંહેચીશું.

૧. **સખાવતી એટલે સામાન્ય સંખાવતનાં પારસી ધર્મખાતાંઓ.**—એવાં ખાતાંઓની મતલબ માણુસ જાતની વૃદ્ધી પોતે સોધવાની હોય છે. માણુસ જાત કોઇ વૃદ્ધીના માર્ગથી દુર જાય નહિ, યા કોઇ ભવિષમાં, કોઈ મુશ્કેલી યા ખામી યા સંકત—પછી તે નાલાં કે મોટાં—માં આવી પડે નહી, તે અટકાવવા માટે, યા જો કદાચ તે એવી મુશકેલી યા ખામી યા સંકતમાં આવી પડયું હોય તો તે ટાળવા માટે, તે ધર્મખાતાંઓ કાળજી રાખે છે.

૨. **ધાર્મીક, એટલે જરથોશતી ધર્મ અને તેના અવસરોને લગતાં ધર્મખાતાંઓ.**—એવાં ધર્મખાતાંઓમાં આપણાં ધર્મનાં મકાનો, જેવાંકે આતશબેહેરાંમો, આંદરાંનો, દરેમેહરો આવે છે. વળી ધર્મનાં અવસરો, જેવા કે ગાહમબાર, નવજોત યા જશન, વિગેરે પણ એવા ભાગમાં આવે છે.

કેહેવત સમાંન આ શબ્દો છે કે Prayer is a self-preached sermon, એટલે "બંદગી પોતે પોતાને કહેલી એક વાએજ છે." તે પ્રમાણે ધર્મનાં ઉપલાં મકાંનોમાં જઇ અને ઉપલા અવસરોની ક્રીયાઓમાં ભાગ લઇ, જરથોસ્તીઓ પોતે જાતી વૃદ્ધી અને સુદ્ધી સોધે, પોતે પોતાનાં વીચારો ખિલવે અને નીતિવાંન થાય, એ ઘણું આવકારદાયક છે. એ ખુદાતાલાને ખુશી કરવાનો, અને પોતાની, અને પોતાના દાખલા યા કોશેશથી, બીજાઓની વૃદ્ધી સોધવાનો એક માર્ગ છે. એવાં કામો તરફ કોઇ સખી તબે જરથોસ્તીઓ કોઇ ખરી જરૂરને વખત સખાવતી હાથ લંબાવે તો તે પસંદ કરવાજોગ છે. એક ધર્મનું મકાંન ખુદાતાલા તરફનાં ભક્તિભાવનું, અને તેમાં સેતાયશ કર-

નારાઓને પોતાની વૃદ્ધી પોતાને હાથે સોધવાનું ભાન આપનારૂં સ્થળ થઇ પડે તો તે એક ભલાઇનું મધ્યબીંદુ થઇ પડે, કે જે પોતાની આજુબાજુ, પોતાનાં મોહલ્લામાં, શેહરમાં, યા દેશમાં, વૃદ્ધીનાં ઘણાં કીરણો ફેંકનાર થાય. પણ એ ચોકસ અવસરો માટેનાં ધર્મનાં કામો હોવાથી, આપણે સખાવતી કામના એ ભાગ માટે આ મુજબ ફક્ત એશારો કરીને અને એ વર્ગનાં કામોને અને તેઓને ઉત્તેજન આપનારી મંડળીઓ અને બજમો અને ફંડોને આપણા કોઠામાં જગ્યા આપી આગળ ચાલીશું. (જુઓ કોઠો '૪').

દાદાર અહુરમજદની પેદાયશમાં માણસ જાતની વૃદ્ધી બાબે—વૃદ્ધીનો ઉપર જણાવેલો બોહોળો અર્થ લેતાં—વિચાર કરતાં આપણે ખુદ ધર્મને લગતાં ઉપલાં ખાતાંઓ શિવાયનાં આપણાં ધર્મખાતાં-ઓને બે ભાગમાં વેંહેચી નાખીશું, કારણ કે સખાવતનો લાભ લેનારાઓની નજરે જોતાં સખાવત બે પ્રકારની છે. વધારે ખુલ્લી રીતે બોલીએ તો સખાવત, તેથી થતા ફાયદાના સંબંધમાં બે પ્રકારની છે.

સંકટ અટકાવનારી (Preventive). આ સખાવત તે કામો માટેની સખાવત છે કે જે કામો માણસો ઉપર પડતાં દુઃખ દરદોનો અને કંગાલિયતનો અટકાવ કરે. પેલી અંગ્રેજી કેહેવત કે, "Prevention is better than cure" એટલે "ઉપાય કરતાં અટકાવ ભલો," તે કહેવતને અનુસરતી આ સખાવત છે.

સંકટ નિવારણ કરનારી (Curative). એ સખાવત દુખ દરદો યા કંગાલિયત આવી પડે તો તેનો ઉપાય કરવા માટેની સખાવત છે.

એ બેમાં અલબતે પેહેલી સખાવત ઉત્તમ પ્રકારની છે. દાખલા તરીકે એક હોસ્પીટલ, કે જેમાં બિમારોની સારવાર કરવામાં આવે, તે

સ્થાપવી, એ બીજા પ્રકારની સખાવત છે. પણ ગરીબો માટે સારાં તન-દરૂસ્ત મકાનો પુરાં પાડવાં, કે જેમાં રહેવાથી તેઓને બિમારી નહિ લાગુ પડે, એ પેહેલા પ્રકારની સખાવત છે.

ગરીબોને અન્નદાંન, વસ્ત્રદાંન આપવું, એ બીજા પ્રકારની સખાવત છે. પણ તેઓ માટે નિશાળો અને ઉદ્યોગશાળાઓ સ્થાપવી, કે જ્યાં એલમ, હુનરની કેળવણી લેઇ તેઓ પોતાનું અન્ન અને વસ્ત્ર પોતે પેદા કરતાં થાય, એ પેહેલા પ્રકારની સખાવત છે.

સાધારણ સમયે દલીદ્રતા, કંગાલિયત, ગરીબાઇ અટકાવવા માટે પેહેલા વર્ગની સખાવત ઉપર ધ્યાન આપવું અગત્યનું છે. પણ જ્યારે અસાધારણ વખતે કંગાલિયત આવી પડે ત્યારે તેનો ઉપાય કરવા માટે બીજા વર્ગની સખાવત કરવી, એ કાંઇ ઓછું પુન્યનું કામ નથી. કુદરતની આફ્તો વખતે—દાખલા તરીકે દુકાળ, મર્કી, લડાઇ વખતે—અસાધારણ રીતે ગરીબો ઉપર, તેઓએ સમાર્ગે વાપરેલી મેહેનત અને કોશેશો છતાં, સંકત આવી પડે છે. એવી વખતે તેઓનું સંકત ટાલવા માટે બની શકે તેમ છુટે હાથથી તેઓને મદદ કરવી, એ ખરી પુન્યવંતી સખાવત છે. વળી પેલી લાટીન કહેવત કે "Bis dat qui cito dat," અને એને મલતી આપણી કહેવત કે "તુરત દાંન ને માહ પુન" તે મુજબ, એવી અસાધારણ મુશકેલીઓ—જેવી કે રેલ, આગ, તોફાંન, દુકાળ, કોઇક પ્રકારની મર્કી વિગેરે—વખતે મોહતાજોને તુરત મદદ આપવી, એ ઉત્તમ સખાવત ગણાય. એવી સખાવત એક પ્રકારે પેહેલા પ્રકારની, સંકત અટકાવનારી સખાવત ગણાય, કારણ કે તેથી મોહતાજોને તુરંત મદદ મળવાથી તેઓનું સંકત અટકે અને તેઓ પોતાના હંમેશના ધંધાધાપાના માર્ગ ઉપર લાગી પોતાનું ગુજરાન કરવા લાગે.

સખાવતનાં કામો યા તેઓનાં ધર્મખાતાંઓને આપણે બીજા બે ભાગમાં પણ વેંહેચી શકીએ.

૧ મનને કેળવનારાં અને ખિળવનારાં ખાતાંઓ.

૨ શરીરને રાહાત આપનારાં ખાતાંઓ.

એ બેમાં અલબતે પેહેલા પ્રકારનાં ખાતાંઓ પેહેલી જગ્યા રોકે છે. માણસ ભાઇબંદોનાં મનની વૃદ્ધી અને સુદ્ધી થાય, યાને તેઓ વધારે જ્ઞાની થાય, તેઓ વધારે નીતિવાન થાય, તે કાજેની સઘળી સખાવત સંકટ અટકાવનારી (Preventive) સખાવત ગણાય. સામાન્ય રીતે કેળવણી, માણસ ભાઇબંદોનાં મનને મદદ આપનારી સખાવત ગણાય. અન્ન અને વસ્ત્રદાનની સખાવત કરતાં કેળવણીની સખાવત વધારે ઉત્તમ પ્રકારની છે. કેળવણીની એ સખાવતના પણ બે ભાગ થઇ શકે.

એક નીતિની ખિળવણીની (Moral) કેળવણી.

બીજી જ્ઞાનની ખિળવણીની (Intellectual) કેળવણી.

એ બેમાં પણ જ્ઞાંનની ખિળવણીની કેળવણી કરતાં નીતિની ખિળવણીની કેળવણી વધારે અગતની જગ્યા લે છે, એમ ધ્યાનમાં રાખી આ વીષય લખ્યો છે.

શરૂઆતનો આ સામાન્ય નિયમ સમજ્યા પછી હવે આપણે ખુદ જુદાં જુદાં ધર્મખાતાંઓ માટે બોલીએ.

II.

જુદાં જુદાં પારસી ધર્મખાતાંઓ માટેની હકીકત અને તેઓમાંથી કોઇક માટે ખાસ વિચાર.

આપણે ઉપર ધર્મખાતાંઓને નીચલા બે વર્ગમાં વેંહેચ્યાં છે.

A મનની ખિળવણી માટે કેળવણી આપનારાં ખાતાંઓ.

B તનને રાહત આપનારાં ખાતાંઓ. એઓ માટે આપણે એક પછી એક બોલીશું.

A કેળવણી સંબંધી ખાતાંઓ.

તન અને મનને સંબંધ છે. જો તન દરૂસ્ત હોય તો મન દરૂસ્ત રહે. આ સબબે તનની દરૂસ્તીને પારસી ધર્મ પુસ્તકોમાં ઘણી અગત આપી છે. પણ મન જો ખિલેલું ન હોય, યાને જો કોઇ માણસ અજ્ઞાંન હોય, તો પોતાનાં તનને કેમ દરૂસ્ત રાખવું તે જલદીથી સમજી શકે નહિ. માટે મનની ખિળવણી યા કેળવણી એક રીતે જોતાં અગતની જગ્યા રોકે છે. તેથી આપણે મનને દરૂસ્ત રાખનારાં ધર્મખાતાંઓને પેહેલે તપાસીએ. આપણાં ટોલાનાં લોકોનાં મનને દરૂસ્ત રાખનારાં ખાતાંઓ સામાન્ય રીતે કેળવણી ખાતાંઓ ગણાય. એવાં કેળવણી ખાતાંઓમાં નીચલાં અગતનાં ગણાય.

(૧) કેળવણીના મકાનો ધરાવનારાં ખાતાંઓ, જેવાં કે મકતબો યા સ્કુલો જ્યાં ઉસ્તાદો મારફતે કેળવણી અપાતી હોય.

(૨) મંડળીઓ, જેઓ શોધખોળ, ભાષાણો, યા વાએજો મારફતે કેળવણી યા જ્ઞાન આપતી હોય.

(૩) પુસ્તકને લગતાં ધર્મખાતાંઓ, જેઓમાં પુસ્તકખાનાઓ મુખ્ય છે કે જ્યાં થોડીક કેળવણી લીધા બાદ શોખીનો પુસ્તકો વાંચી પોતાને હાથે વધુ જ્ઞાન મેળવવાને જાય.

આ ત્રણ પ્રકારનાં કેળવણી ખાતાંઓમાંથી પેહેલા પ્રકારનાં કેળવણી ખાતાંઓ માટે આપણે પેહેલે બોલીએ.

(૧) **મકતબો યા સ્કુલો**—આપણા ટોલામાં આવી મકતબો યા સ્કુલો માટેનાં નીચલાં ધર્મખાતાંઓ છે.

વ્યવહારૂ કેળવણી.

છોકરાઓની સ્કુલો.

(ક) ધી જમશેદજી નશરવાંનજી પીટીટ ઑરફનેજ, જે વ્યવહાર અને ધંધા રોજગારની એવી બેઉ કેળવણી આપનારૂં ધર્મખાતું છે.

(ખ) સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલન્ટ ઇનસ્ટીટયુશન.

(ગ) ધી બેરાંમજી જીજીભાઇ પારસી ચેરીટેબલ ઇનસ્ટીટયુશન.

(ઘ) જરથોસ્તીઓના લાભ સાચવનારી મંડળી હસ્તક ચાલતા રાતના વર્ગો.

કેટલીક નીશાળો ખાનગી ધર્મખાતાંઓમાંથી ચાલે છે, જેઓ બાહારની મદદ લેતાં નથી. દાખલા તરીકે શેઠ જીજીભાઇ દાદાભાઇની સ્કુલો, શેઠ નશરવાનજી મનચેરજી કામાની સ્કુલો. એ ખાનગી ધર્મ-ખાતાંઓ બીજી પણ કેટલીક સખાવત કરે છે.

છોકરીઓની સ્કુલો.

(ક) જરથોસ્તી છોકરીઓની નિશાળ મંડળીની સ્કુલો.

(ચ) સર કાવસજી જાંગીર રેડીમનીની ખેતવાડીની છોકરીઓની સ્કુલ.

(છ) બાઇ રતનબાઇ ફરાંમજી પાંડેની સ્કુલ.

ધર્મ સંબંધી કેળવણી આપનારી મકતબો યાને મદ્રેસાઓ નિશાળો અને વર્ગો.

(ક) સર જમશેદજી જીજીભાઇ મદ્રેસા.

(ખ) મુલ્લાંપીરોજ મદ્રેસા.

(ગ) મુંબાઇ તથા દેશાવર ખાતેની જરથોસ્તી જંદ અવસ્તાની નિશાળોના પારસી પંચાએત હસ્તકનાં ફંડમાંથી ચાલતા વર્ગો.

(ઘ) રાહનુમાએ માજદયસ્નાન સભા હસ્તક ચાલતા વર્ગો.

(ક) જરથોસ્તી ધર્મ સંબંધી કેળવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડળી હસ્તક ચાલતા વર્ગો.

(ચ) શેઠ ખોદાબક્ષ એદલજી પુનેગર હસ્તક ચાલતો મોબેદોનો વર્ગ.

હુન્નર ઉદ્યોગની કેળવણી.

(ક) શેઠ નવરોજી હોરમજી પાટકનો ગીરગાંમનો વર્ક ક્લાસ.

(ખ) બાઈ રતનબાઇ એદલજી બાંમજી તરફથી ચાલતો મર્હુમ શેઠ કેખશરૂ એદલજી બામજીનો ધોબીતળાવનો બાઈઓનો વર્ક ક્લાસ.

(ગ) જરથોસ્તીઓના લાભ સાચવનારી મંડળી હસ્તક ચાલતો કોટનો વર્ક ક્લાસ, જેને મરહુમ શેઠ નવરોજી માણેકજી વાડીઆનાં ટ્રસ્ત ખાતાંમાંથી મદદ મળવાની ગોઠવણ થઇ છે.

આ કેળવણી ખાતાંઓમાંથી કોઇક, જેઓને મદદની ખાસ જરૂર છે, તેઓ માટે આપણે હવે જરા વિગતે બોલીશું.

ધી જમશેદજી નશરવાંનજી પીતીત ઓર્ફનેજ—આપણા ટોલાનાં આ ધર્મખાતાંએ સખી દાતારોનું પેહેલું ધ્યાન ખેંચવું જોઇએ. તેનો મુખ્ય સબબ આ છે કે, આ ધર્મખાતાંમાં ઉપર જણાવેલી કેટલીક પ્રકારની સખાવતો સામતી સમાયલી છે. જેઓ અન્નદાંન અને વસ્ત્રદાંનની સખાવતમાં પોતાનાં સખાવતી મનને રાહત મળતી સમજતા હોય, તેવાઓની સખાવત માટે પણ આ એક લાયક ખાતું છે, કારણ કે અંહી બેઉ માબાપ વિનાનાં યા મા યા બાપ વિનાનાં બાળકોને અન્ન અને વસ્ત્ર બેઉ પુરાં પાડવામાં આવે છે અને તે સાથે કેળવણી આપવામાં આવે છે. કેળવણી પણ તેના સઘળા પ્રકારમાં આંપવાની કાળજી રાખવામાં આવે છે. અહીં ઉછરતાં બચ્ચાંઓને જેમ વ્યવહાર તેમ ધર્મનીતીની કેળવણી આપવામાં આવે છે અને વળી તે બચ્ચાંઓ ૧૮) વર્ષની ઉમ્મરનાં થઇ જ્યારે બાહર પડે ત્યારે જો કોઇ હુનરમાં પડવા માગે તો ઉપયોગી થઇ પડે તેવા ધંધા હુનરની પણ કેળવણી આપવામાં આવે છે.

પોતાનાં માબાપનો આસરો બચપણથીજ ખોહી બેઠેલાં બાલકોને પાલી પોષી મોહોટું કરનારૂં, વળી તે સાથે તેઓને ધર્મનીતિ અને વ્યવહારૂ કેળવણી આપનારૂં, અને વળી તેઓ બાહર પડતાં ધંધેધાપે લાગે એવાં સાધનો પુરાં પાડનારૂં આ ખાતું સર્વ સખી દાતારોનું ધ્યાંન ખેંચનારૂં ખાતું થઇ પડવું જોઇએ.

સર જમશેદજી જીજીભાઈ પારસી બેનીવોલન્ટ ઈનસ્ટીટયુશન—આ ધર્મખાતાંને મેં કેળવણી ખાતાંના વર્ગમાં મેલ્યું છે, કારણ કે તેનું મુખ્ય કામ કેળવણી આપવાનું છે. એ ખાતાંની મુંબઇમાં એક મોટી છોકરા છોકરીઓની સ્કુલ છે અને બે બીજી શાખા સ્કુલો છે. આ સ્કુલોમાં શીખતાં કેટલાંક વધુ ગરીબ બાળકોને બપોરે સ્કુલમાં જમાડવાની પણ હાલ ગોઠવણ થઇ છે, કે જેથી ગરીબ ઉછરતાં બાળકો તંદરૂસ્ત ઉછરે. વળી ઉંદવાડા, ગંદેવી, બીલીમોરા, નૌસારી, સુરત, ભરૂચ વિગેરે ગુજરાતનાં કેટલાંક ગામોમાં તેની શાખાઓ છે. આ ધર્મખાતું કેળવણી ઉપરાંત બીજા પ્રકારોની પણ સખાવત કરે છે. આપણાં વંદીદાદમાં ત્રણ પ્રકારની સખાવત માટે બોલવામાં આવે છે.

૧ કેળવણીને મદદ કરવી.

૨ ગરીબોને પરણાવી આપવામાં મદદ કરવી.

૩ મોહતાજોને ચારી આપવી.

આ ત્રણે પ્રકારની સખાવત આ ધર્મ ખાતું કરે છે. કેળવણી એ ધર્મખાતાંનું પેહેલું કામ છે. તે માટે વધુ બોલવાની જરૂર નથી.

આપણા જરથોસ્તી ધર્મનું આ મુખ્ય શીક્ષણ છે કે સર્વએ પરણેલી જીંદગી ગુજારવી. પરણેલી જીંદગી ગુજારનારાઓ વંદીદાદ પ્રમાણે મંડળીમાં વધારે આબરૂદાર આસામી નીવડવાનો સંભવ રહે છે. એ માટે લગનને આપણાં ધર્મ પુસ્તકોમાં વખાણેલાં છે અને તેમાં મદદ

કરવું એ એક ધાર્મીક યા સખાવતી કામ ગણાયું છે. યુનાની તવારી-ખનવેશો પ્રમાણે અસલી ઇરાની પાદશા હો પણ લગ્નને ઉત્તેજન આપતા. ઓટે ભાગે પરણેલી જીંદગી ગુજારનાર શેહેર વધુ નીતિવાન નિવડવાનો સંભવ રહે છે. ત્યારે આ ધર્મ ખાતું એ કામમાં જે મદદ આપે છે તે દીન અને દુન્યાએ શિખવેલાં ડહાપણને અનુસરતું કામ છે.

જરૂરને વખતે નાચારબીચારોને મદદ આપવી એ પણ એક ભલું સખાવતી કાંમ છે. તે કામમાં પણ આ ખાતું મદદ આપે છે. ત્યારે આ ધર્મખાતું ઘણીક રીતે સખીજ઼જુદોની વધુ મદદને લાયકનું છે.

ધી બેરાંમજી જીજીભાઈ પારસી ચેરીટેબલ ઇનસ્ટીટયુ-શન.—આ ખાતું વ્યવહારૂ કેળવણી આપવા ઉપરાંત હાલ વેપારી કેળવણી આપે છે. એવી કેળવણીની મતલબ ખાસ કરી આ નથી કે તેમાં કેળવા-યલાઓએ વેપારી બનવું. પણ તેઓ એવી કેળવણીથી પોતે વેપારીઓને ત્યાં જલદીથી ધંધા રોજગારે લાગવાનો સંભવ છે. હાલમાં જ્યારે એકજ પ્રકારની વ્યવહારૂ કેળવણી, ગુજરાંનનાં સાંધનને અર્થે જોતાં, એકજ માર્ગે અતીઘણી ચાલનારી માલમ પડી છે ત્યારે આ જુદી વળાણ આપનારી કેળવણીની રીતી આવકારદાયક છે, અને મદદ કરવા લાયક છે. આ ખાતાંના સંબંધમાં તેના જુના વિદ્યાર્થીઓનું એક મંડળ (union) છે, જેની મતલબ કેટલીક રીતે તેના ગરીબ વિદ્યા-ર્થીઓનું ભલું કરવાની છે. આ મંડળનું કામ પણ આસરા લાયક છે.

છોકરીઓની સ્કુલો—સ્ત્રીઓને કેળવણી આપવી, એ આ-પણી અસલી ઇરાંની શિખાંમણ છે. પેલા ઇરાંની નીતિ ઉપદેશક (Moralist) આદરબાદ મારેસપંદે દીધેલી ઘણીક ડાહી શિખા-મણોમાં આ પણ એક છે કે, દરેક જરથોસ્તીએ પોતાની બાયડી અને બેટીને ભણેલી રાખવી જોઇએ. આપણી સ્ત્રીઓ ભણેલી અને ડાહી હશે તો તેઓ પોતાનાં ફરજંદોને બચગીથીજ ઘરમાંથીજ ભણેલાં, ડાહયાં અને નીતિવાંન બનાવવાની કોશેશ કરશે. માટે સ્ત્રી કેળવણી

એક પ્રકારે જાણે પાયા સમાન છે. માટે એવી આ કેળવણી આપનારાં ઉપર જણાવેલાં ત્રણે ખાતાંઓ ખરે આસરાલાયક છે.

ધર્મ સંબંધી કેળવણી આપનારી મદ્રેસાઓ—વાજબી રીતે કહેવામાં આવે છે તેમ એક માણસની જીંદગાને મુખ્ય કરીને નીચલાં ત્રણ ખાતાંઓ રૂપ લેતાં કરે છે.

૧. રાજ્ય (State).
૨. દીન (Church).
૩. કેળવણીખાતાં (School).

એક માણસ ભલી જીંદગી ગુજારે તેનો આધાર ત્રણ જરૂરી ચીજો ઉપર છે.

૧. સારી વ્યવસ્થા, સારો કારોબાર (Order).
૨. વર્તનુક (Character).
૩. જ્ઞાન (Knowledge).

એ ત્રણ જરૂરીઆત સાધનો ઉપર ઉપલાં ત્રણ ખાતાંઓ ઓછો વધતો અમલ કરે છે, અસર કરે છે યા કાબુ ચલાવે છે.

પેહેલું આ કે શેહરમાં યા દેશમાં આજુબાજુ સારી વ્યવસ્થા અથવા કારોબાર ચાલે તેનો આધાર રાજ્ય ઉપર છે.

બીજું આ કે એક ધણીની સારી માથી વર્તનુક ઉપજાવવાનો કેટલોક આધાર તેની દીન ઉપર છે. જ્યારે હું દીન કહું છું, ત્યારે એમ નહી સમજવું કે તે ધણી ફક્ત જરથોસ્તી દીનનો, કે ખ્રીસ્તી દીનનો કે ઇસ્લામી દીનનો હોય તે ઉપર આધાર છે. અલબત્તે તે જે જાણીતી દીનનો હોય તે દીનના સારા વિચાર તેની ઉપર અસર કરે. પણ તે છતાં તે દીન કેમ પાળવી, દીનનાં જરૂરનાં તત્વો કેમ અમલમાં મેલવાં, એ કેટલીક હદે તેનાં પોતાનાં આકીન અને વર્તણુક ઉપર આધાર રાખે છે. એક ધણીએ

પોતાને જરથોસ્તી કેહવાડવો, તે નહિ કે ફક્ત તે દીનનો પોતાને ગણુવાથી, પણ પોતાની વર્તનુક (Character) થી કેહેવાડવો જોઇએ.

ત્રીજું આ કે જ્ઞાનનો આધાર દેશનાં કેળવણીખાતાંઓ ઉપર રહે છે. ત્યારે કેળવણી ખાતાંએ દીનથી છુટું પડવું નહી જોઇએ. બેઉએ સાથે સાથે, હાથ સાથે હાથ મેળવી કામ કરવું જોઇએ અને ભલા શેહરીઓ ઉત્પન્ત કરવા જોઇએ. એ બેઉ એમ સાથે સાથે કામ કરી રાજ્યને મદદ કરે છે.

ત્યારે આ રીતે જોતાં ધર્મની કેળવણી આપનારાં આપણી મદ્રેસા જેવાં ખાતાંઓ આપણા આસરાને લાયક છે. ધર્મની કેળવણી, જેમાં નીતિની કેળવણી સમાયલી હોય છે, તે વ્યવહાર કેળવણીની સાથે સાથે જરૂરની છે. એક રીતે જોતાં ધર્મની કેળવણીનાં ખાતાંઓ વ્યવાહર કેળવણીનાં ખાતાંઓ કરતાં વધારે અગતનાં ગણાય અને તેઓનો વિચાર પેહેલે થવો જોઇએ. પણ આપણે અંહી તેનો પાછળથી વિચાર કર્યે છીએ, કારણ કે વ્યવહાર રીતી પ્રમાણે ધર્મ કેળવણીનાં સાંધનો વ્યવહાર કેળવણીની શરૂઆત વગર અખત્યાર કરાતાં નથી. વ્યવહાર વાંચતાં લખતાં શિખવા પછી એ સાંધનો—દાખલા તરીકે ધર્મ સંબંધી પુસ્તકો–નો માણસ ઉપ્યોગ કરી શકે છે.

આપણાંમાં ધર્મનાં મકાંનો—જેવાં કે દરેમેહરો, આદરાનો, આતશ-બેહરાંમો—બરપા કરવાનું કામ સખાવતી ગણાય છે, તે આ રીતે સમજતાં વાજબી છે. જો તે મકાંનોને તેના ભણેલા ધર્મગુરૂઓ વિગેરે આરફતે એવી રીતે ચલાવી શકાય, કે તેઓ તેમાં સેતાયશ કરવા આ-વનારા જરથોસ્તીઓનો ખુદા તરફ ભક્તિભાવ વધારે અને તેઓના પેગામ્બરે શિખવેલી ઉમદા નીતિ ઉપર તેઓનું ધ્યાન ખેંચી તેઓની વર્તનુક ચહડતી કરવાને તેઓને બાંન આપે, તો તેવાં ધર્માળયો કેળવણીનાં મથકોની સાથે સાથે રાજ્ય ને મદદ કરી એક શેહરના શેહ-રીઓને ભલા શેહરીઓ બનાવે. અસથી ઇરાનમાં આતશ બેહરામો

જેવાં ધર્મનાં મકાનો સાથે મક્તબો અને પુસ્તકખાનાં જેવાં કેળવણી ખાતાંઓ જોડાયલાં હતાં.

આ ચહડતા ખ્યાલ (idea) સાથે જોતાં ત્યારે આપણી મદ્રેસાઓ અને ધર્મ કેળવણી આપનારા વર્ગો લાયક ધર્મખાતાંઓ છે કે જે તરફ સખી સાહેબો વાજબી રીતે પોતાની સખાવતનો હાથ લંબાવે.

વળી એક ધર્મની ચહડતીનો અને તે ધર્મ પાલનારાઓની ચહડતીનો—ફક્ત શારીરીક ચહડતીનો નહિ, પણ માનુસીક યા આત્મીક ચહડતીનો—આધાર તેના ધર્મગુરૂઓ ઉપર છે. એક ભલો અને ભણેલો ધર્મગુરૂ—ફક્ત ગ્નાનમાં ભણેલોજ નહી પણ વર્તનુકમાં ભલો ધર્મગુરૂ—એક મધ્યબીંદુ તરીકે રહી આજુબાજુ ભલાઇનાં ઘણાંક કીરણો ફેંકે. ત્યારે એવા ધર્મગુરૂઓ ઉત્પન્ન કરનારી મદ્રેસાઓ અલબતે એક શેહરનાં અગતનાં ધર્મખાતાં થઇ પડે. એવી મદ્રેસાઓની ભાષાની કેળવણીજ કાંઇ એક ધર્મગુરૂને હમેશાં ભલો બનાવતી નથી. તે માટે બીજાં કેટલાંક સાંધનોની જરૂર છે. પણ કાંઇ નહી તો ધાર્મીક સાહીત્યની કેળવણી એ માટેનો એક માર્ગ છે. વળી એવા ધર્મગુરૂઓની હાલત બરતર કરવાની કોઇ પણ હીલચાલમાં મદદ કરવી એ શુભ પુન્યનું કામ છે. આપણા ટોળા માટે લાયક ધર્મગુરૂઓ મેળવવા માટે અને તેઓને મુસારો આપવા માટે એક મોટું ફંદ બરપા કરવાની જરૂર છે.

મુંબઈ તથા દેશાવર ખાતેની જરથોસ્તી જંદ અવસ્તાની નીશાળોનાં ફંડનું ખાતું—આ નામનું ખાતું પારસી પંચાએતના ત્રસ્તી સાહેબો હસ્તક છે. એ ખાતાંમાં વધુ નાણાની જરૂર છે એમ એ સાહેબો કેટલાંક વર્ષ થયાં પોતાના હીસાબનાં છપાતાં દફતરોમાં જણાવતા આવ્યા છે. આપણાં ઉધરતાં બાળકો પોતાના ધર્મનો બોધ બચગીમાં લેતાં ઉધરે એ પસંદ કરવાજોગ છે. માટે એ ફંડ ખચીત આસરાલાયક છે. એ ખાતાંમાંથી સર જમશેદજી જીજીભાઇ

પારસી બેનીવોલન્ટ ઇનસ્ટીટયુશનની અતરેની અને બાહરગાંમોની નીશાળોનાં અને બીજી બાહર ગાંમોની નીશાળોનાં છોકરાંઓને ધર્મ કેળવણી આપવામાં આવે છે.

સ્ત્રીઓનાં વર્ક કલાસો—એક ટોળાની સંસારી હાલતમાં સ્થળ, કાળ અને સ્થિતિ મુજબ ફેરફાર થતો જાય છે. આગલના કરતાં હાલમાં આપણું સંસારી સ્નેહના ગાંથો થોડાક ધીલા થતા જાય છે. આગળ એક જરથોશ્તી—ખોદા ન કરે ને—પોતાનાં બાઇ બેનો યા ભાનેજ ભત્રીજાઓ યા એવાં બીજાં ખેશીઓ સંકતમાં આવે તો, તેઓને, એક પક્ષી બચ્ચાંને પોતાની પાંખમાં લેઇ બેસે તેમ, પોતાના આસરા હેઠલ લેતો. મુંબઇ જેવાં શેહરમાં રેહતાં અને હાલની ૨૦) મી સદીની સંસારી જીંદગીના સંજોગો વચ્ચે રેહતાં તેમ બનતું નથી. વલી લગન કરવાની ઉમર આપણાંમાં હાલ, દરૂસ્ત ધારવામાં આવે તે કરતાં, વધુ મોટી થતી ચાલી છે. એ સબબોએ જેમ કેટલીક વીધવા બાઇઓ તેમ કેટલીક કુમારીકાઓ પોતાનાં ગુજરાન યા રક્ષણ માટે કેટલીક હદે આસરા વિનાની થતી ચાલી છે. ત્યારે તેઓને પારકે આધારે પડવા વિના પોતાનો નીભાવ પોતાને હાથે ચલાવવા માટેનાં સાંધનો પુરા પાડનારા વર્ક કલાસો આસરા લાયક છે.

કેળવણી યા જ્ઞાંન આપનારી મંડળીઓ—ઉસ્તાદો મારફતે કેળવણી આપનારાં ખાતાંઓ યાને સ્કુલો, મદ્રેસાઓ, વર્ગો વીગેરેની તપાસ તમામ કરી હવે આપણે કેળવણી આપનારી યા સોધખોળ કરનારી યા જ્ઞાંન ફેલાવનારી મંડળીઓ ઉપર આવીએ. એવી મંડળીઓમાં નીચલી આપણું મુખ્ય ધ્યાંન ખેંચે છે.

૧ રાહનુમાય માજદયરનાન સભા.

૨ જરથોસ્તી ધર્મની કેળવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડળી.

૩ જરથોસ્તી દીનની ખોળ કરનારી મંડળી.

૪ ગાથા સોસાયટી.

૫ જરથોસ્તી ધર્મ અને ક્રિયા ઉપર એતેકાદ વધારનારી મંડળી.

૬ જરથોસ્તી ફસલી સાલ મંડળ.

આ મુખ્ય મંડળીઓ ઉપરાંત બીજી કોઇક મંડળીઓ છે, જેઓની નેમ, દીનનાં જશનો જેવા અવસરો, ક્રિયા સાથ પાળવાનું અને તેની વાકેફીનું ગ્નાન ફેલાવવાની છે, યા દીનના કોઇક અવસરો ધાર્મીક રીતે બરાબર પાળવાની છે. દાખલા તરીકે બજમે જશને રૂજે અહુરમજદ મંડળી, ભાઇબંદોની મંડળી, જશન મંડળી વિગેરે.

માર્ગ ભુલેલાઓને અને જેઓને માર્ગ ખબર નહી હોય તેઓને માર્ગ દેખાડવો એ પુન્યનું કામ છે. રાયનુમાય સભાનું કામ ધર્મ સંબંધી બાબદમાં આ પ્રકારનું છે. આપણા ટોલામાં, જેઓ પારકા ધર્મની રાહરસમો અને આકીનો ઉપર ધસડાય, તેઓને ખરો રાહ દેખાડવો, અને આપણાં ધર્મ, નીતિ, રાહરસમ અને ક્રિયાઓ બાબે ખરો ખુલાસો પુસ્તકો, ભાષાણો અને વાએજો મારફતે આપવો એ આ સભાની નેમ છે. તે નેમ સ્તુતીપાત્ર અને આસરા લાયક છે.

જરથોસ્તી ધર્મ સંબંધી કેળવણી તથા ગ્નાન ફેલાવનારી મંડળી આપણામાં નવી બરપા થયલી મંડળી છે. આપણા ટોલાના ઘણાક કેળવાયલા પુરૂષોએ એનું બંધારણ રચ્યું છે. આ મંડળીની નેમ જરથોસ્તી ધર્મનું ખરૂં ગ્નાન આપણા ટોલામાં અને ખાસ કરીને આપણાં બાળકોમાં ફેલાવવાનું છે. શરૂઆતમાંજ બચ્ચાંઓને સારી તબીએત મલે તો સારૂં, એ કાજે ધર્મનું શીક્ષણ આપવા માટે એ મંડળીએ અવસ્તા પેહેલવીનો સારો અભ્યાસ કરેલા એક ગ્રાજ્યુએટને રૂ. ૧૩૦) ના દરમાયાથી રાખ્યા છે, જેઓ કેટલીક સ્કુલોમાં જઇ બાળકોને ધર્મ કેળવણી આપે છે.

વળી મંડળીએ જે બીજું અગત્યનું કામ હાથ ધર્યું છે તે ધર્મનું જ્ઞાન આપવા માટે ધર્મ સીક્ષણનાં પુસ્તકો લખાવવાનું છે. એ પુસ્તકો તપાસવા માટે આપણા કેટલાક ભણેલા દસ્તુરો, એરવદો અને બેહેદીનોની એક બુક—કમીટી નેમવામાં આવી છે, કે જે કમીટી હસ્તક બાહર પડેલાં ધર્મ શીક્ષણનાં પુસ્તકો કેટલીક હદે સતાદાર ગણાય. વળી ભાષાણો મારફતે પણ ધર્મ જ્ઞાન ફેલાવવાની મકસદ રાખી છે. આ મંડળી માટે ઘણું બોહલું કામ છે અને તેને સખીતબેહ ગ્રહસ્થોના આસરાની ઘણી જરૂર છે.

ઉપલી પાંચ મંડળીઓમાંથી ત્રીજીનું ખાસ કામ જરથોસ્તી દીનને લગતી બાબતોની સોધખોળ કરવાનું છે. તે પોતાનાં કામકાજનાં એહવાલો પ્રગત કરે છે. ધરાંની સાહિત્યને ઉત્તેજન આપનાર સખી તબે સાહેબો એવી બાબતોની સોધખોળ માટે આ મંડળી મારફતે ઇનામના રેસાલાઓ વિગેરે માંગી મંડળીનાં કાંમને ઘણી મદદ કરી શકે.

આ મંડળીઓમાંની ચોથી—ગાથા સોસાએટી—મુખ્ય કરી કોલેજોમાં શીખતા અને શીખી બાહર પડેલા આપણા જવાનોની બનેલી છે. પોતાના ધર્મને લગતી બાબતો ઉપર આપણા જવાનો લાયક રેહબરી તલે રહી ધ્યાન આપે એવી હીલચાલને મદદ આપવી સ્તુતીપાત્ર છે.

પાંચમી મંડળીની મુખ્ય નેમ ધર્મ અને તેની ક્રિયાઓ ઉપર એતેકાદ વધારવાની છે. તે કાજે તે ભાષાણો અપાવે છે.

આ મંડળીઓમાંની છઠી—ફસલી સાલ મંડળ—ની નેમ આપણી કોમ, વખતની ગણત્રી, જેમ આપણા ધરાની વડીલો કરતા હતા તેમ, નથી કરતી, તે બાબે ધ્યાન ખેંચવાની અને જ્ઞાન ફેલાવવાની છે. વખતની ગણત્રીનો સુધારો એ આપણી કોમ માટે એક અગતનું કામ છે. એ કામ કરનારી આ મંડળીને નાણાંની જરૂર છે, માટે એ આસરો આપવા લાયક ખાતું છે.

જરથોસ્તી પુસ્તકોને લગતાં ધર્મ ખાતાંઓ.

આ મથાળાં હેથળ ત્રણ પ્રકારનાં ધર્મખાતાંઓ આવે છે.

૧ પુસ્તક ખાનાઓ.

૨ પુસ્તકો ખરીદવા કાજે ગરીબ જરથોસ્તી વીદ્યાર્થીઓને મદદ આપવાનું ફંદ.

૩ પુસ્તકો પ્રગટ કરાવવા યા તેઓને આસરો આપવા માટેનાં ફંદો.

એ ત્રણેનો આપણે ટુક વિચાર કર્યે.

જરથોસ્તી પુસ્તકખાનાંઓ—આપણામાં જેને આપણે આપણી કોમનાં ખાસ પુસ્તકખાનાં કહીએ તે ત્રણ છે, જેમાંનું એક તો બાહારગામ છે.

૧ મુલ્લાંફીરોઝ કેતાબખાનું.

૨ જરથોસ્તી અનજુમનનાં આતશબેહરામનું. મરહુમ શેઠ માણેકજી હાટરીઆવાળું.

૩ નોસારી મેહરજીરાણા લાયબ્રેરી.

એક પુરાણા લખનારે કહ્યું છે તેમ પુસ્તકખાંના તે જાણે રવાંન માટેનાં દવાખાનાં (Dispensaries of the soul) છે. આપણા જરથોસ્તી મઝહબ, તવારિખ, સાહિત્ય વિગેરેનાં સઘળાં પુસ્તકો એકાદ પુસ્તકખાનાંમાં જળવાઇ રહે કે જ્યાં શોખીનો જઇ તેનો અભ્યાસ કરે, એ પસંદ કરવા જોગ છે. એવાં પુસ્તકખાનાંઓને મદદ આપવી તે જાણે રવાનની અશોઇ વધારવાનાં કામમાં મદદ આપવા સમાન છે. આપણી દરેમેહેરોના સંબંધમાં પણ ધર્મ સંબંધી કેતાબોનાં પુસ્તકખાનાંઓ ઉભાં થાય તો તે આવકારદાયક છે.

ગરીબ વિદ્યાર્થીઓને પુસ્તકો આપવાનાં ફંડ—જ્યારે આપણે પુસ્તકખાંના માટે બોલીએ છીએ ત્યારે તે ખાતાં સાથે ગરીબ વિદ્યાર્થીઓને પુસ્તકો આપવાનાં ફંડો આપણું ધ્યાન ખેંચે છે. આપણાંમાં અતરે "શેઠ ખરશેદજી નશરવાંનજી કામાની યાદગારીનું ફંડ" છે જે એવા પ્રકારનું ફંદ છે. તે ઘણાંક કેળવણી ખાતાંઓનાં ગરીબ વિદ્યાર્થીઓને પુસ્તકો અપાવે છે. એ ફંડ કોલેજોમાં અભ્યાસ કરતા કોઇ લાયક જવાનોને પણ મદદ કરે છે. ગરીબ વિદ્યાર્થીઓને પુસ્તકની મદદ આપનારાં આવાં ફંદો સર જમશેદજી જીજીભાઇ પા. એ. ઇન્સ્ટીટયુશન અને ધી બેરામજી જીજીભાઇ ચેરીટેબલ ઇન્સ્ટીટયુશનના સંબંધમાં પણ છે. એ ફંદો સખીઓના આસરા લાયક છે.

પુસ્તકોને મદદ આપનારાં ફંદો—પુસ્તક ખાનાઓને મદદ આપવી, અને ગરીબ વિધ્યાર્થીઓને મુફત પુસ્તકો પુરાં પાડવાં, એ જેમ પુન્યનું કામ છે, તેમ ગ્રંથકર્તાઓ, જેઓ પોતાનો અભ્યાસ આગલ ચલાવી તે અભ્યાસનાં પરીણામનાં પુસ્તકો બાહર પાડે, તેઓને મદદ કરવી એ પણ પુન્યનું કામ છે. એ કામ માટે આપણામાં નીચલાં ફંદો છે.

૧ પારસી પંચાએતનાં તરસ્તી સાહેબો હસ્તકનું સર જમશેદજી જીજીભાઇ ત્રાંનસલેશન ફંદ.

૨ એજ સાહેબો હસ્તકનું ધી વીકટોરીઆ જ્યુબીલી પેહેલવી તેક્ષટ ફંદ.

૩ જરથોસ્તી ધર્મ સંબંધી કેળવણી આપનારી અને ગ્નાન ફેલાવનારી મંડળી હસ્તકનું ધર્મ શીક્ષણની માળા તૈયાર કરાવી બાહાર પાડવાનું ફંદ. એ મંડળીનાં વર્ણનમાં ઉપર જણાવ્યું તેમ એ કામ માટે નાણાંની ઘણી જરૂર છે.

પેહેલું ફંદ ખાસ કરી આપણાં ઇરાંની સાહિત્યનાં પુસ્તકોને આસરો આપે છે.

બીજું ફંદ આપણું પુરાંણું પેહેલવી પાઝંદ સાહિત્ય પ્રગત કરવામાં મદદ આપે છે.

લાયક પુસ્તકો પ્રગત કરવામાં મદદ કરવી એ કેળવણીને મદદ આપવાનું કામ છે. માટે એ ફંદો આસરા લાયક છે.

B. તનને રાહત આપનારાં ખાતાંઓ.

તનને રાહત આપનારાં ખાતાંઓના, આપણી ઉપર જણાવેલી વાંટણી મુજબ, બે ભાગ થઇ શકે.

(ક) સંકટ અટકાવનારાં.

(ખ) સંકટ ટાળનારાં.

આપણે એ બે ભાગમાં એ બાએનાં ધર્મખાતાંઓ તપાસીએં.

(ક) તનને રાહત આપવાના સંબંધમાં સંકત અટકાવનારાં ધર્મખાતાંઓ—સંકત અટકાવનારાં (Preventive) સબઓમાં કેળવણીને પેહેલી અગત આપી આપણે કેળવણીના ધર્મખાતાંઓ તપાસ્યાં. હવે આપણે તનનાં સંબંધનાં સંકટો અટકાવનારાં ખાતાંઓ તપાસીએ. એવાં ખાતાંઓના બે મુખ્ય ભાગો થઇ શકે.

(૧) જીંદગીનાં મુખ્ય ત્રણ બનાવો—(ક) જન્મ, (ખ) લગ્ન, અને (ગ) મરણનાં સંબંધમાં સંકટ અટકાવનારાં ફંદો.

(૨) આખી જીંદગીનાં કોઇ પણ ભાગમાં સંકત અટકાવનારાં ખાતાંઓ.

(૧) જન્મના સંબંધનાં એવાં ખાતાંઓ, તે આપણાં સુવાવડખાનાં છે. લગનના સંબંધનાં એવાં ખાતાંઓ તે આપણી ગરીબ જરથોસ્તી છોકરીઓને પરણાવવા કાજે મદદ આપનારાં લગનનાં ફંડો છે.

મરણનાં સંબંધમાં આપણે બે પ્રકારનાં ધર્મખાતાંઓ તરફ જોવાનું છે. (ક) એક લાસોને અવલમંજલ પોંહોચાડવા માટેની

જગ્યાઓ—દખમાંઓ—અને તે લાસની સાંમથી પુરી પાંડનારાં ફંદો. (ખ) લાસોને અવલમંજલ પોહોચાડવા માટે ગરીબોને સગવડ પુરી પાડવાનાં ફંડનાં ખાતાંઓ.

એ ત્રણે પ્રકારનાં ફંદો માટે આપણે ટુકમાં બોલીએ.

(ક) સુવાવડખાનાઓ—સુવાવડખાનાંઓ સંકતને અટકાવનારાં ધર્મખાતાંનાં મકાનો ગણાય છે. ગરીબ માતાઓ સ્વચ્છ હવા, પુરતા ઉજાસ અને ઘટતી સારવાર હેથલ બાળકોને જનમ આપે કે જે બાળકો, એવા ભલા સંજોગો વચ્ચે જન્મી, તંદરોસ્ત નિવડી મનદરૂસ્ત નિવડે, અને પછી ભલા જરથોસ્તીઓ નિવડવાની આશાનો પાયો નાખે, એ પુન્યનું કામ છે. એવાં સુવાવડખાનાંઓ આપણામાં હાલ બે છે.

૧ ધી ઓનરેબલ ડા૦ તેમુલજી ભીખાજી નરીમાનની સારવાર હેથળનું પારસી સુવાવડખાંનું.

૨ ડા૦ માસીનાની સારવાર હેથલનું એનગુની હારપીતલ સાથનું સુવાવડખાનું.

એવું એક ત્રીજું સુવાવડખાંનું સ્થાપવાને મરહુમ બાઇ આવાંબાઇ ફ્રરાંમજી પીટીટે રૂ. ૧૦૦૦૦૦) એક લાખની બક્ષેશ પોતાનાં વસીએતનામામાં આપી છે. આ સુવાવડખાનું ધી બમનજી દીનશા પીટીટ પારસી જેનરલ હોસ્પીટલના સંબંધમાં બાંધવાની ગોઠવણ થઇ છે. એ ધર્મખાતાંઓ આસરો આપવાને લાયક છે.

(ખ) પારસી પંચાયત હસ્તકનું ગરીબ જરથોસ્તીઓની છોકરીઓને પરણાવી આપનારૂં ફંદ—જનમ પછી લગ્ન ઉપર આવીએ. લગ્નની પરણેલી જીંદગી ઘણાક સંકતો અટકાવનારી છે. એ માટે આગળ ઈશારો કીધો છે. માટે તે બાબે લંબાણથી બોલવાની

અગત્ય નથી. આ માટેનાં ઉપલાં ફંડમાં નાણાંની જરૂર છે એમ કેટલાંક વર્ષ થયાં તરસતીઓ જણાવતા આવ્યા છે.

(ઘ) દોખમાઓનાં ફંડો—જીંદગીના છેલ્લા બનાવ—મરણ—નાં સંબંધમાં દોખમાંઓને લગતાં ફંડો અગતનાં છે. પારસી પંચાએત હસ્તક એવાં કેટલાંક ફંડો છે અને બાહેર ગાંમનાં પણ એવાં કેટલાંક ફંડો છે. મરણ પાંમેલી લાસો આજુબાજુનાં જીવતાંઓને નુકસાંન કર્યા વગર જલ્દીથી છુટી પડી જઇ નાશ પાંમે એ આરોગ્યતા શાસ્ત્રની નજરે પસંદ કરવા જોગ છે. માટે તેવાં સાંધનો પુરાં પાડનારાં દખમાઓનાં ફંડો અને તેનાં સંબંધનું પારસી પંચાએત હસ્તકનું કુલ જરથોસ્તી રવાનોને અવલમંજલ પોહોંચાડવાનાં ફંડનું ખાતું અને એવાં બીજાં ખાતાંઓ સંકત અટકાવનારાં ધર્મખાતાંઓના વર્ગમાં આવી શકે.

(૨) શરીરને રાહત આપી સંકટ ટાળનારાં બીજાં ધર્મ-ખાતાંઓ—જીંદગીનાં ઉપલા ત્રણ બનાવોનાં સંબંધનાં ધર્મખાતાંઓ ઉપરાંત બીજાં કેટલાંક ધર્મખાતાંઓ છે જે જીંદગીનાં જુદા જુદા વખતે ગરીબોને રાહત આપે છે. એવાં ધર્મખાતાંઓમાં નીચલાં આવેછે. એઓમાંથી પેહેલાં બે સંકટને અટકાવનારાં છે.

૧ ગરીબ જરથોસ્તીઓને જાથુકનાં સારી હવા ઉજાસવાળાં મકાનો પુરાં પાડનારાં ધર્મખાતાંઓ.

૨ મુસાફરોને રાહત આપનારાં ધર્મશાળાનાં મકાંનો.

૩ કાંમચલાઉ મકાનો પુરાં પાડનારાં ધર્મખાતાં.

૪ ગરીબોને હવા ફેરબદલ કરવા માટેનાં સેનીટેરીઅમો.

૧ ગરીબોને સુખશાંતીનાં રેહઠાંણો પુરાં પાડનારાં ખાતાંઓ—સારી હવા, પુરતો ઉજાસ, અને સ્વચ્છ પાંણી, એ કુદરતની

બક્ષેશો છે. એ માણુસ જાતને જેમ સ્વચ્છ મલે તેમ સારૂં. તેથી દુઃખ દરદો થતાં અટકે. ગરીબોને માટે આપણે હાસ્પીટલો, કાનવેલેસન્ટ હોમો, સેનીટેરીઅમો ઉભાં કર્યે, તેનાં કરતાં એવાં મકાંનો ઉભાં કર્યે કે જ્યાં તેઓને સ્વચ્છ હવા, પુરતો ઉજાશ, અને સારૂં પાંણી મલે, તે વધારે આવકારદાયક છે. એ કાજે આપણામાં હાલ બે ધર્મખાતાં છે.

૧ એક ખાંનબાહદુર મનચેરજી કાવસજી મરજબાંન હસ્તકનાં ગરીબોનાં રેહેથાંણનું ફંદ.

૨ જરથોસ્તી લાભ સાચવનારી મંડળી હસ્તકનું બીલડીંગ ફંદ.

એ બેઉ ફંદો ઉપલે સબબે મદદને લાયક છે.

જ્યારે આપણે કુદરતનાં સંકત અટકાવનાર સાંધણ તરીકે સ્વચ્છ હવા, ઉજાશ અને પાંણી માટે બોલીએ છીએ, ત્યારે જણાવવાની જરૂર છે, કે જ્યાં સ્વચ્છ પાંણીનાં સાંધન નહી હોય ત્યાં સ્વચ્છ મીઠાં પાંણીના કુવાઓ ખોદાવવા, યા પાંણીનાં બાંધકાંમોને મદદ કરવી, એ પુન્યનું કામ છે.

ધર્મશાળાઓ—સંકટ અટકાવનારાં મકાંનોમાં ધર્મશાળાઓ પણ આવી શકે. અસલના વખતથી ધર્મશાળાઓ બંધાવવી એ આપણામાં પુન્યનું કામ ગણાતું આવ્યું છે, તે બરહક છે. એક શેહરથી બીજે શેહર ધંધા રોજગાર વિગેરે જતા ગરીબ મુસાફરો, જેઓમાં જુદાં મકાનો લઇ થોડો વખત રહેવાની મવસુર નહી, તેઓ માટે ધર્મશાળાઓ યા મુસાફરખાનાંઓ બાંધવાં, એ પુન્યનું કામ છે. એમ તેઓને માટે મકાંનો નહી હોય તો તેઓ રાત દીવસ થંડી ગરમીથી પોતાનો બચાવ નહી કરવાથી બિમાર થાય, યા બિમાર થવાની ચીંતાથી ધંધારોજગાર માટે મુસાફરી નહી કરે. માટે એવાં સંકટ ટાલવા માટે ધર્મશાળાઓ યા મુસાફરખાનાઓ બંધાવવાનાં કામમાં મદદ કરવી એ પુન્યનું કાંમ છે.

એ કાજે આપણું શેહરમાં આપણું પરાંનથી આવતા ગરીબ ભાઇબંધો માટે ચોપાટી ખાતે એક ધર્મશાળા છે. તેનાં ફંડને મદદ કરવી પુન્યનું કામ છે.

ધંધાધાપામાં મદદ કરનારાં ફંડ.

સંકટ અટકાવનારી સખાવતનાં ધર્મખાતાંઓના વર્ગમાં તે ફંદો પણ આવે છે કે જેઓની મતલબ આ છે કે ગરીબ, પ્રમાણીક જરથોસ્તીઓ, જેઓ નાની રકમથી દુકાનદારીનો નાનો ધંધો કરવા માગતા હોય, તેઓને નાની રકમો ધીરવી, એવી સરતે કે જ્યારે તેઓ પોતાના ધંધામાં કમાતા થાય ત્યારે હફ્તે હફ્તે તે રકમો બને તેમ પાછી આપે. એવાં બે ફંદો આપણાંમાં છે.

૧) પારસી પંચાએત હસ્તકનું, જે મરહુમ શેઠ કેખસરૂ ડોસાભાઇ ફરામજી કરાકાનાં વસીએતનામાં પ્રમાણે તેવણના એકઝીક્યુટર શેઠ જાંગીર દોસાભાઇ ફરામજી કરાકાએ આપેલી એક રકમ ઉપરથી બરપા કરવામાં આવ્યું છે.

૨) જરથોસ્તીઓની લાભ સાચવનારી મંડળી હસ્તકનું, જે શેઠ હોરમજી કાવસજી દીનશાહ એડનવાલાની બક્ષેશ ઉપરથી બરપા થયું છે.

(ખ) સંકટ ટાળનારાં ધર્મખાતાંઓ.

સંકત અટકાવનાર ધર્મ ખાતાંઓની તપાસ તમામ કરી હવે આપણે સંકત નિવારણ કરનારાં યા સંકત ટાળનારાં ધર્મખાતાંઓને તપાસીએ. આપણ માણસજાત ઘણીક વાર આપણી ભુલોથી, યા કેટલીક વાર આપણી ભુલો વગર, કદાચ આપણા હાથમાં નહિ એવા બનાવોથી, સંકતોમાં આવી પડીએ છીએ. એવા સબબોને લીધે આપણને કેટલીક વાર સંકતનો ઇલાજ કરનારા ધર્મખાતાંની અગત પડે છે. એવાં આપણામાં કેટલાંક ધર્મખાતાંઓ છે. એવાં ધર્મ ખાતાંઓનો આપણે બે ભાગમાં વિચાર કરીશું.

(ક) સંકતનો ઇલાજ કરનારાં એવાં ધર્મખાતાંઓ કે જેઓ તે એલાજ માટે મકાનો ધરાવતાં હોય.

(ખ) સંકતનો ઇલાજ કરનારાં એવાં ધર્મખાતાંઓ, કે જેઓ મકાંનો નહિ, પણ પૈસા જેવાં બીજાં સાંધનો ધરાવતાં હોય.

ક. સંકટ ટાળવા માટે મકાન ધરાવનારાં ધર્મખાતાંઓ—પેહેલાં આપણે સંકત નિવારણ કરનારાં તે ધર્મખાતાંઓ બાબે બોલીએ કે જેઓ પોતાનાં ખાતાંમાંથી કોઇ મકાંનો નીભાવતાં હોય. એવાં ખાતાંઓમાં નીચલા પ્રકારનાં મકાનોનાં ખાતાંઓ છે.

૧ હોસપીટલો.

૨ કોનવેલેસન્ટ હોમ.

૩ સેનીટેરીઅમ.

૪ ગરીબ અશકતો માટેની ધર્મશાળાઓ.

૫ દવાખાનાંઓ.

હોસપીટલો—સંકટનો ઇલાંજ કરનારાં ખાતાં તરીકેની હોસપીતલો આપણામાં હાલ ત્રણ છે.

૧ પારસી ફીવર હોસપીટલ. તે પારસી પંચાએતના તરસતી સાહેબો હસતક ડા૦ સોરાબ ખરશેદજી નરીમાનની સારવાર હેઠળ ચાલે છે. તેમાં ખાસ કરી મર્કીનાં દરદીઓની સારવાર થાય છે.

૨ ડા૦ માસીનાની હાસપીતલ.

૩ શેઠ બમનજી દીનશાજી પીટીટ પારસી જેનેરલ હોસપીતલ, જે હાલ બરપા થાય છે.

દુઃખી દરદીઓને રાહત આપનારાં એ ખાતાંઓને મદદ આપવી એ ખરે આશીર્વાદલાયક કામ છે.

કોનવેલેસન્ટ હોમ—હોસપીટલમાંથી દરદીઓ સાજા થવા માંડતી વેળા તેઓ વધુ સારી હવાવાળી જગ્યા ઉપર રહે અને તેમ રહી જલદીથી સાજા થઇ પોતાના કામ ધંધે વળગી પોતાની રોજી પેદા કરતાં થાય, એવાં કામમાં મદદ કરવી એ ભલું કામ છે. એવું સાધન પુરૂં પાડનારાં કોનવેલેસન્ટ હોમ આપણામાં બે છે.

૧ ડા૦ માસીનાની હોસ્પીતલના સંબંધમાં.

૨ બાઈ શીરીનબાઇ મનચેરજી કામાનું સ્ત્રીઓ માટેનું કોનવેલેસન્ટ હોમ. આ ભલાં બાઇ પોતાનાં તન મન અને ધનનો ભોગ આપી કેટલુંક થયું પોતાની ગરીબ જરથોસ્તી બેહેનોનું દુખ ટાળવામાં મદદ કરે છે. તેવણુની એ કોશેશને ખચીત ઉત્તેજન ઘટે છે. એવણુનાં એ ખાતાં માટે હાલ એક મકાન વાંદરા ખાતે ખરીદવામાં આવ્યું છે. તે માટેનાં બીલડીંગ ફંડમાં નાણાની જરૂર છે.

એક ત્રીજું કોનવેલેસન્ટ હોમ ધી બમનજી દીનશા પીટીટ પારસી જેનરલ હોસ્પીતલના સંબંધમાં બરપા કરવા માટે શેઠ કાવસજી સોરાબજી બાટલીવાળાએ પોતાના વેસાવે ખાતેના બંગલા આપવાની માગણી કરી છે. એ ત્રણે મકાનોને નીભાવવામાં મદદ કરવી એ ભલું કામ છે.

સેનીટેરીઅમો, છાવણીઓ—આપણામાં જે સેનીટેરીઅમો છે તેમાનાં ઘણાક સારાં ભાયગે સખીવજીદ પુરૂષોનાં સખાવત ખાતાંઓમાંથી ચાલે છે અને તેઓને બહારની મદદની ખાસ જરૂર નથી. મદદ લાયક સેનીટેરીઅમોમાં ડા૦ બાહાદુરજી દેવલાલી સેનીટેરીઅમ, અને ટીઠલનું સેનીટેરીઅમ છે. જોકે એઓ બાહારગામ છે. તોપણ તેઓનાં ફંડો મુંબાઈમાં છે અને તેઓનો વહીવટ અહીંથી ચાલે છે. હાલમાં મરકીનાં સંકટને લીધે બીમારોથી તંદરસ્તને જુદાં રાખવા માટે છાવણીઓ (Health-Camps) ઉભી કરવામાં આવે છે. તે માટે પારસી પંચા-

એત હસ્તક "ગાંઠીઆ તાવના બિમારોથી તંદરૂસ્તને જુદા રાખવાનાં મકાંનોનું ફંદ," એવે નામનું ફંદ છે. તેને લગતો ખરચ ત્યાર પછી ઉંગાડેલાં સંકત નિવારણ ફંદ એ નામનાં ખાતાંમાંથી થાય છે.

ગરીબ અશકતો માટેની ધર્મશાળાઓ—એવાં ધર્મખાતાંઓમાં પારસી પંચાએત હસ્તક ચોપાટી ખાતે આંધલાં પાંગલાં તથા નાચાર જરથોસ્તીઓને રાખીને પરવશી કરવા માટે એક ધર્મશાળા છે. એ એક એવું ધર્મખાતું છે કે જેમાં થતી એક પ્રકારની સખાવત તરફ ધ્યાંન ખેંચવાની જરૂર છે. કેટલાક સાહેબો પોતાનાં વાહલાં ગુજરેલાંઓનાં મરણને લગતા કોઇ અવસરો ઉપર—દાખલા તરીકે વરસી ઉપર—ત્યાં વસતાં ગરીબોને ખાનું આપવાનું દરૂસ્ત ધારે છે. હવે એવે અવસરે પોતાનાં ટોલાના ગરીબોને ખાનું પુરૂં પાડવું, એ અલબતે એક ભલું કામ છે; પણ આ ધર્મશાળાના સંબંધમાં અતીઘણાં એકથી વધુ વાણીનાં એવાં ખાનાં થાય છે, અને તે માટે કાંઇ ખાસ જરૂર નથી એમ તેના તરસતી સાહેબોએ જાહેરમાં જણાવેલું છે. અશક્ત ગરીબોને તેઓને બરનું, યાને તેઓ દર રોજ જે પોતાને ત્યાં ખાએ તેવું, ખાંનું પુરૂં પાડવું, એ એક વાત છે. પણ તેઓને બાજના દિવસો તરીકે બે ત્રણ વાંણીનું ખાંનું મહીનાના ૧૫ યા ૨૦) દિવસ પુરૂં પાડવું, એ બીજી વાત છે. તે બર વખતની જરૂરી સખાવત નથી. એક તો જે પ્રકારના બિમારો ત્યાં હોય તે પ્રકારનાં બિમારો તેવાં ખાનાંને પુરતો ઇનસાફ આપી શકે નહિ. બીજું તો તેઓની હાલત ઉપરાંત વધુ વાંણીનું ખાંનું વારેઘડીએ આપવું એ દરૂસ્ત નથી. એવાં ખાનાં આપનારા સાહેબોને ભલામન થઇ શકે કે વધુ સાદાં સુતરાં ખાનાં આપી બચતી રકમ એ ધર્મશાળાનાં ફંદમાં યા જે ખાતાં હસ્તક એ ધર્મશાળાનો કારોબાર ચાલે છે તે ખાતાંનાં કોઇ બીજા જરૂરી ફંદમાં આપવી.

એજ મુજબ ધર્મશાળાના રહીસોને એવા અવસરોએ કોઇક જરથોસ્તીઓ તરફથી કપડાંની જે નવાજેશ થાય છે તે પણ કોઇક વાર જરૂર ઉપરાંત બને છે. દાખલા તરીકે એક જરથોસ્તીને આખાં વર્ષ માટે એક યા બે કુસ્તી બસ છે. પણ કોઇક વર્ષ તેઓને વધુ વાર કપરાંઓ અને કુસ્તીઓની ભેટ થાય છે. માટે એવી સખાવતથી પરહેજ રેહવું સારૂં છે.

દવાખાનાંઓ—દવાખાનાંઓ સંકત તાળનારાં ખાતાંઓ છે. આપણુંમાં એવાં ઘણુંક ધર્માદા દવાખાનાંઓ છે, જેઓ સખી ગ્રહસ્થોનાં પોતે સ્થાપેલાં ફંદમાંથી ચાલે છે. માટે તેઓને બાહરની સખાવતની જરૂર નથી. પણ કોટનું ધર્મનું દવાખાનું એક કમીટી હસ્તક ચાલે છે. જોકે તે દવાખાનાં માટે મકાંન મરહુમ શેઠ સોરાબજી પાંઉવાલાએ બાંધી આપ્યું છે, તોપણ તેને બાહરની મદદની થોડીક જરૂર જણાવવામાં આવે છે. ચર્નીવાડી અને ખેતવાડી ખાતે "ધી નેટીવ જેનરલ ડીસ્પેનસરી" નાં ખાતાં હસ્તક ચાલતાં બે દવાખાનાંઓ પણ એ વર્ગમાં આવે છે. એ દવાખાનાંઓનો પારસીઓ મોટે ભાગે લાભ લે છે.

મકાંનો વિના ફંદથી સંકત ટાળવા માટે વ્યવસ્થા કરનારાં ધર્મખાતાંઓ—ઉપલાં મકાંનો ધરાવનારાં ધર્મખાતાંઓ ઉપરાંત કેટલાંક ધર્મખાતાંઓ આપણુંમાં એવાં છે. કે, જેઓ ફક્ત પોતાને હસ્તકનાં ફંદોથી સંકત તાળે છે. એવાં ફંદોને નીચલા વિભાગોમાં વેહેંચી તેનો વિચાર કરીશું.

૧ બિમારી ટાલનાર ફંદો.

૨ અન્નદાન આપી સંકત તાળનારાં ફંદો.

૩ સામાન્ય ગરીબીમાં મદદ કરનારાં ફંદો.

૪ અ-સાધારણ સંકત વેળા મદદ આપનારાં ફંદો.

એઓની આપણે ટુંક તપાસ લેઇએ.

બિમારી ટાળવા માટે મદદ આપનારાં ફંડો—૧ આ ફંડોમાં મગજની બિમારી ટાળવા માટેનાં ફંડો આપણું પેહેલું ધ્યાંન ખેંચે છે. "ધી નશરવાંનજી માણેકજી પીટીટ ચેરીટી ફંડ," જે મોટે ભાગે "ધી જમશેદજી નશરવાંનજી પીતીત ઓરફનેજ"નો ખરચ પુરો પાડે છે, તે ફંડમાં એક શાખા તરીકે "નશરવાંનજી માણેકજી પીતીત ગરીબ દીવાનાં જરથોસ્તીઓને મદદ આપવાનું ફંડ" એવે નામનું ફંડ છે. ગરીબ જરથોસ્તી દીવાનાંઓને સરકારી દીવાંનશાળામાં રાખવા માટે તેમાંથી ફી પુરી પાડવામાં આવે છે. આ જરથોસ્તીઓના આસરા માટે એક ઘણું લાયક ધર્મખાતું છે. એ ખાતાંને મદદ આપવા માટે પારસી પંચાએતના તરસતી સાહેબોએ પોતાનાં દફતરમાં પણ "મુંબઇની કોલાબાની દેવાનશાળા મધે રહેલા ગરીબ જરથોસ્તીઓની પરવરશી માટેનું ફંડ" એવે નામે ફંડ ઉગાડયું છે.

બિમારી ટાળવાનાં ફંડના વર્ગમાં, પારસી પંચાએત હસ્તકનું, "મરહુમ હાડવૈદ ભીમજીભાઇ જીવનજી રાંડેરીઆનાં ફંડનું ખાતું" પણ આવે છે, કે જે ફંડમાંથી કોટ અને ધોબીતળાવ ખાતે હાડ ભાગેલાં ગરીબો માટે બે ધર્મનાં દવાખાનાને મદદ આપવામાં આવે છે.

અન્નદાનનાં ફંડો—ગરીબોને અન્નદાનની મદદ આપવા માટે પારસી પંચાએત હસ્તક નીચલાં ફંડો છે.

૧ મુંબઇનાં ગરીબ જરથોસ્તીઓને મોંઘવારીમાં અનાજ સસ્તો આપવા માટેનાં ફંડનું ખાતું. એ ફંડ પેહેલાં મરહુમ શેઠ નવરોજી નશરવાંનજી વાડીઆએ ખરપા કીધું હતું. તેઓનાં મરણ બાદ તે પારસી પંચાએતને સોંપવામાં આવ્યું છે. એમાંથી ગયાં બે સાલની મોંઘવારીના વખતમાં મુંબઇના ૫) ભાતાઓમાં સસ્તાં

અનાજની દુકાનો ઉગાડવામાં આવી હતી, જેમાંથી ગરીબોને સસ્તો અનાજ આપવામાં આવ્યો હતો. એ ફંડનો મોટો ભાગ ખરચાઇ ગયો છે. તેને મદદની જરૂર છે.

૨ ગરીબોને મુફ્ત અનાજ આપવાનું ફંડ. આ ફંડ પેહલે મરહુમ શેઠ બેજનજી પાળખીવાલાએ સ્થાપ્યું હતું. એ ફંડમાંથી જેઓ ઘણુાજ ગરીબો હોય અને જેઓ ઉપર કાંઇ સંકત આવી પહડ્યું હોય તેઓને થોડોક વખત મુફ્ત અનાજ આપવામાં આવે છે.

૩ દેશાવરો ખાતેના પારસીઓ માટેનાં દુકાળનાં ફંડનું ખાતું. દુકાળને સમે બાહરગાંમોનાં ગરીબ જરથોસ્તીઓને અનાજની મદદ આપવાની આ ખાતાંની નેમ છે.

ગરીબોનાં સામાન્ય સંકટ ટાલનારાં ફંડો—આ વર્ગમાં નીચલાં ફંડો આવે છે. એમાનાં પેહેલાં સાત પારસી પંચાએત હસ્તક છે.

૧ આંધળાં પાંગળાં તથા લાચાર જરથોસ્તીઓને પગાર આપવાનું ફંડ.

૨ જમાનાની ગીર્દેશથી તંગદસ્ત હાલતમાં આવેલાંઓને મદદ આપવાનું ફંડ. જ્યારે પેહેલાં ફંડમાંથી દર માસે અશક્ત અને લાચાર-ગરીબોને મદદ આપવામાં આવે છે ત્યારે આ ફંડમાંથી કોઇક આબરૂદારો, જેઓએ થોડોક સારો વખત જોયો હોય, તેઓને ૩ યા ૬ માસે સાંમટી મદદ આપવામાં આવે છે.

૩ લાચાર જરથોસ્તી વીધવાઓને આસરો આપવાનું ફંડ.

૪ મુકતાદ તાંકણે દેશાવરો ખાતેનાં આંધળાં પાંગળાં તથા ગરીબ જરથોસ્તીઓને મદદ આપનારૂં ફંડ. એ ફંડમાંથી ગુજરાતના ગરીબોને મદદ અપાય છે.

૫ મુકતાદ તાંકણે કોઇક પણ ઠેકાંણેનાં આંધલાંપાંગળાં યા ગરીબ જરથોસ્તીઓને મદદ આપવા માટેનું ફંદ.

૬ પારસી પંચાએતના તરસ્તીઓએ પોતાની નજરમાં આવે એવાં જરથોસ્તીઓના ફાયદા કાજેનાં સખાવતી કામોમાં વાપરવાનું ફંદ.

૭ જેનરલ ફંદ, જેમાંથી સામાન્ય ધર્મના અને તોળાના ફાયદાનાં કામો કરવામાં આવે.

૮ શેઠ જાંગીર એરાંમજી મર્જબાંન હસ્તકનું ગરીબોને મદદ આપવાનું ફંદ.

૯ ઇરાનના ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારનારૂં ફંદ.

સ્ત્રી મંડળોનાં ફંદો—આપણા ગરીબ જરથોસ્તીઓને ઘરેઘર ફરી જેઓ આસરાને લાયક હોય તેઓને મદદ પોહોંચાડવા માટે આપણા ટોળાની કેટલીક પર્ગજુ બાનુઓએ મંડળો સ્થાપયાં છે. એમાંનું એક "પારસી સ્ત્રી મંડળ" નામે બાઇ શીરીનબાઇ નવરોજી પાટકની રેહબરી હેથલ ચાલે છે., બીજું બાઇઓ બાઇઆઇ અને જાઇજી રતનજી જસાવાળા, બચુબાઇ પાંડે વીગેરેની રેહબરી હેથળ ચાલે છે. આ પર્ગજુ કામો આપણ સર્વનાં આસરાને લાયક છે.

અસાધારણ સંકટ વેળાએ મદદ કરવાનાં ફંદો—આ વર્ગમાં પારસી પંચાએત હસ્તકનાં નીચલાં બે ફંદો આવે છે.

૧ સંકટ નિવારણ ફંદ, જેમાંથી મર્કીને લગતાં સંકતો ટાળવામાં આવે છે. એમાંથી મર્કીની હોસ્પીટલ ચલાવવામાં આવે છે, જે માટે હાલ બાઇ જરબાઇ નવરોજી વાડીયાએ એક સુંદર મકાન બંધાવી આપ્યું છે. વળી એમાંથી મર્કી વેળા ઉભી કરવામાં આવતી છાવણીનો ખરચ કરવામાં આવે છે. જે ગરીબો છાવણીમાં જવા માટેનો થોડોકખરચ કરવા અશકત હોય છે તેઓને એ ફંદમાંથી નાણાંની

મદદ કરવામાં આવે છે. એ ફંદને નાણાની જરૂર છે એમ એ ફંદના તરસતીઓ કેટલાંક વર્ષ થયાં જણાવતા આવ્યા છે.

૨ ઇનસાફ તથા અરજીનું ફંદ. આ ફંદની અસલ નેમ સરકાર દરબાર પાસેથી કોઇ દાદ માંગવાની અને તે માટે કોઇ લાયક ગરીબને મદદ કરવાની છે.

જરથોસ્તીઓના લાભ સાચવનારી મંડળી—સર્વ પ્રકારની કેળવણી સાથ સંબંધ રાખનારાં અને ટોળાના સામાન્ય લાભો સાચવનારાં ખાતાં તરીકે ઉપલાં નામની એક નવી મંડળી આપણાંમાં બરપા થઇ છે. તે ઘણાક પ્રકારે મદદ લાયક છે. તેની નેમ ઓહળી છે. ફકત કેળવણી મારફતેજ નહી પણ બીજી જે અનેક રીતે ટોળાના લાભો સચવાય અને ટોળાની વૃદ્ધી થાય તે રીતે ટોળાના લાભ જાળવવાની આ મંડળીની નેમ છે.

સારાંસ.

ઘણાં જરૂરનાં મદદ આપવા લાયક દિસતાં ધર્મખાતાંઓની જુદી ટીપ.

કેળવણીને લગતાં ધર્મખાતાંઓ, જેઓ સંકટ અટકાવનારાં ખાતાંઓ હોવાને લીધે પારસી સખાવત ઉપર પેહેલો હક ધરાવે છે.

(કેટલાંક ખાતાંઓના સ્થાપકોનાં પુરતાં ફંદો છે અને તેઓએ બાહરની સખાવતની નેમ રાખી નથી, તે બાબત આ ટીપમાં ધ્યાનમાં લીધી છે.)

૧ ધી જમશેદજી નશરવાંનજી પીટીટ ઓરફનેજ.

૨ સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલન્ટ ઇનસ્ટીટયુશન

૩ ધી બેરાંમજી જીજીભાઇ પારસી ચેરીટેબલ ઇનસ્ટીટયુશન.

૪ છોકરીઓની સ્કુલોનાં ઉપર જણાવેલાં ત્રણે ફંદો.

ધર્મ સંબંધી કેળવણીની મકતબો અને મંડળીઓ.

૬ સર જમશેદજી જીજીભાઈ જરથોસ્તી મદ્રેસા.

૭ મુલાંફીરોજ મદ્રેસા.

૮ પારસી પંચાએત હસ્તકનું મુંબઈ તથા દેશાવરની જંદ અવસ્તાની નીશાળનાં ફંદનું ખાતું.

૯ જરથોસ્તી ધર્મ સંબંધી કેળવણી આપનારી અને ગ્નાન ફેલાવનારી મંડળી.

૧૦ શેઠ ખરશેદજી નશરવાંનજી કામાની યાદગારીનું ફંદ જેમાંથી પુસ્તકની તેમજ હુસ્યાર ગરીબ વીદ્યાર્થીઓને કોલેજની ફીની મદદ આપવામાં આવે છે.

સંકટ અટકાવનારાં ખાતાંઓ.

લગ્ન.

૧૨ પારસી પંચાએત હસ્તકનું ગરીબ લાચાર જરથોસ્તીઓની છોકરીઓને પરણાવી આપવા માટે આસરો આપવાનું ફંદ.

રહેઠાંણોનાં ફંદ.

૧૩ ખાનબાહદુર મનચેરજી કાવસજી મર્ઝબાન હસ્તકનું ગરીબોના રહેઠાંણનું ફંદ.

૧૪ જરથોસ્તીઓના લાભ સાચવનારી મંડળી હસ્તકનું બીલડીંગ ફંદ.

હોસ્પીટલો વિગેરે.

૧૫ ૧ ધી બ. દી. પીટીટ પારસી જેનરલ હોસ્પીટલનું ફંદ.

૧૬ ૨ ડા૦ માસીના હોસ્પીટલ ફંદ.

૧૭ બાઇ શીરીનબાઇ મનચેરજી કામાનું કોનવેલેસન્ટ હોમ.

૧૮ જરથોસ્તી દીવાનાઓને મદદ આપવાનું નશરવાંનજી માણેકજી પીટીટનાં ધર્મખાતાંનું ફંડ.

૧૯ સંકત નિવારણ ફંદ.

૨૦ જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડળીનું ફંદ.

૨૧ સ્ત્રી મંડળોનાં બે ફંદો.

કેળવણી સંબંધી પારસી ધર્મખાતાંઓ.

કોઠો ૧.

કેળવણીનાં મકાન ધરાવનારાં ખાતાંઓ.

વ્યવહારૂ કેળવણી આપનારાં ધર્મખાતાંઓ.

છોકરાઓ.

૧ ધી જ. ન. પીટીટ ઑરફનેજ. એ વ્યવહારૂ, ધાર્મીક અને ધંધાધાપાની કેળવણી છોકરાઓને પોતાનાં મકાન ઉપર રાખી અને ઉધારીને આપનારૂં ધર્મખાતું છે.

૨ સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇનસ્ટીટયુશનનું ખાતું, જેમાં છોકરા છોકરીઓની કેળવણી ઉપરાંત બીજાં ધર્મખાતાંઓ સમાયલાં છે.

૩ ધી બેરામજી જીજીભાઇ ચેરીટેબલ ઇનસ્ટીટયુશન, જેમાં વેપારી કેળવણી ખાસ છે.

૪ જરથોસ્તીઓના લાભ સાચવનારી મંડળી હસ્તક ચાલતા રાતના વર્ગો.

છોકરીઓ.

૧ જરથોસ્તી નીશાળ મંડળીનું ખાતું.

૨ સર કાવસજી જેહાંગીર રેડીમનીની ખેતવાડીની સ્કુલ.

૩ બાઇ રતનબાઇ ફરામજી પાંડેની સ્કુલ.

ધર્મ સંબંધી કેળવણી આપનારાં ખાતાંઓ.

૧ સર જ. મદ્રેસા.

૨ મુલ્લાંફીરોજ મદ્રેસા.

૩ પારસી પંચાયત હસ્તકનું અત્રે અને દેશાવરો ખાતેની જંદ અવસ્તાની નિશાળોનું ખાતું.

૪ રાહનુમાએ સભા હસ્તક ચાલતા વર્ગો.

૫ જરથોશ્તી ધર્મ સંબંધી કેળવણી આપનારી જ્ઞાન ફેલાવનારી મંડળી હસ્તક ચાલતા વર્ગો.

૬ શેઠ ખોદાબક્ષ એ. પુનેગર હસ્તક ચાલતો મોબેદોનો વર્ગ.

ધંધા સંબંધી કેળવણી આપનારાં ખાતાંઓ યા વર્ગો. (Work classes)

૧ શેઠ નવરોજી હો. પાટક હસ્તકનો (ગીરગામ.)

૨ મરહુમ ફેખશરૂ એદલજી બામજીને નામનો બાઇ રતનબાઇ બામજી તરફથી ચાલતો (ધોબીતળાવ.)

૩ જરથોશ્તી લાભ સાચવનારી મંડળી તરફથી ચાલતો વર્ગ. (કોટ.)

કેળવણી સાથ સંબંધ રાખનારી મંડળીઓનાં ધર્મખાતાંઓ.

સર્વ પ્રકારની કેળવણીની સાથે સંબંધ રાખનારી.

૧ જરથોસ્તી લાભ સાચવનારી મંડળી.

ધર્મ સંબંધી.

૧ જરથોશ્તી દીનની ખોળ કરનારી મંડળી.

૨ રાહનુમાએ માજ્દયસ્નાન સભા.

૩ જરથોશ્તી ધર્મ સંબંધી કેળવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડળી.

૪ ગાથા સોસાયટી.

૫ જરથોશ્તી ધર્મ અને ક્રિયા ઉપર એતેકાદ વધરાવનારી મંડળી.

૬ જરથોશ્તી ફસલ મંડળ.

કેળવણી માટેનાં પુસ્તકખાતાંઓને લગતાં ધર્મખાતાંઓ.

પુસ્તક ખાનાઓ.

૧ મુલ્લાંફીરોજ લાઇબરેરી.

૨ શેઠ મા. હાટરીઆનું પુસ્તકખાનું.

ગરીબ જરથોસ્તી વિદ્યાર્થીઓને પુસ્તકની મદદ

અપવા શેઠ ખરશેદજી નશરવાનજી કામાની યાદગારીનુ ફંડ

પુસ્તકો પ્રગટ કરાવવા માટેનાં

૧ સર જમશેદજી ત્રાન્સલેશન ફંડ.

૨ ધી વીક્ટોરીયા જ્યુબીલી પેહેલવી તેક્ષ્ટ ફંડ

૩ જરથોશ્તી ધર્મ સંબંધી કેળવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડળી હસ્તક ધર્મ શીક્ષણની માળા પ્રગટ કરવાનું ફંડ

શારીરીક સંકટો અટકાવનારાં (Preventive) ધર્મખાતાંઓ.

જીંદગીના મુખ્ય ત્રણ અવસરોના સંબંધમાં ખાસ.

જન્મ સંબંધી. સુવાવડખાનાઓ.

૧. ડા૦ તેમુલજી બી. નરીમાન હસ્તકનું પારસી સુવાવડખાનું.
૨. ડા૦ માસીનાની હોસ્પીટલના સંબંધનું.
૩. ધી બમનજી દી. પીટીટ પારસી જેનરલ હોસ્પીટલનાં સંબંધનું મરહુમ બાઇ આવાંબાઇ પીતીતે પોતાનાં વસીએતનામાંમાં ફરમાવેલું.

લગ્ન.

૧. પારસી પંચાએત હસ્તકનું ગરીબ જરથોસ્તીઓની છોકરીઓને પરણાવી આપવાનું ફંદ.

મરણ.

લાસને અવલમંજલ પહોંચાડવા માટે સગવડો પુરી પાડવાના સંબંધનાં ફંદો.

૧. મુંબઇનાં પારસી પંચાયત હસ્તકનાં દખમાઓનાં ફંદો.
૨. કુલે જરથોસ્તી રવાનોને અવલમંજલ પહોંચાડવાનું ફંદ.

આખી જીંદગીના આખા યા કોઇ પણ ભાગના સંબંધમાં.

રેહઠાણોનાં સંબંધનાં.

જાથુકનાં રેહઠાંણો.

પુરતી હવા, ઉજાસવાલાં મકાંનો પુરાં પાડવા માટેનાં ફંદો.

૧. શેઠ મ. કા. મરઝબાન હસ્તકનું ગરીબ પારસીઓનાં રેહઠાંણોનું ફંદ.
૨. જરથોસ્તીઓના લાભ સાચવનારી મંડળી હસ્તકનું બીલડીંગ ફંદ.

કામચલાઉ રેહઠાંણો.

પારસી પંચાયત હસ્તકનું ગાંથીયા તાવની બિમારીથી તંદરૂસ્તોને જુદાં રાખવા માટેનાં રેહઠાંણો (Health Camps) નું ફંદ.

મુસાફરો માટે રેહઠાણો.

અતરે આવતા ઇરાંની ભાઇઓ ધંધેધાપે લાગે ત્યાં સુધી રાહત આપવા માટેની ધર્મશાળાનું ફંદ.

છુટક નાનો ધંધો કરનારાં ગરીબોને ધંધા માટે નાની રકમ ધીરવા માટેનાં ફંદો.

૧. એ માટેનું પારસી પંચાએત હસ્તકનું ફંદ.
૨. જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડળી હસ્તક એ બાબેનું ફંદ.

શારીરીક સંકટ ટાળનારાં ધર્મખાતાંઓ.

ધર્મખાતાંઓ, જે મકાનો ધરાવી સંકટ ટાળે.

હોસ્પીટલો.

૧ પારસી ફીવર હોસ્પીટલ.
૨ ડા૦ માસીનાની હોસ્પીટલ.
૩ ધી બમનજી દી. પીતીત પારસી જનરલ હોસ્પીટલ.

કોનવેલેસન્ટ હોમો.

૧ ડા૦ માસીનાની હોસ્પીટલના સંબંધનું.
૨ બાઇ શીરીનબાઇ મંચેરજી કામા હસ્તકનું.
૩ ધી બમનજી દી. પીતીત પારસી જનરલ હોસ્પીટલના સંબંધમાં શેઠ કાવસજી સોરાબજી બાતલીવાલાનું.

સેનીટેરીઅમો.

૧ ડા૦ બાહદુરજી દેવલાલી સેનીટેરીઅમ.
૨ તીથલ ખાતેનું ડા. ધનજીશા હી. પટેલ હસ્તકનું.
૩ ખંડાલાનું શેઠ જાંગીરજી મરજબાન હસ્તકનું.

અશક્ત માટેની ધર્મશાળા.

૧ ચોપાટીની પારસી પંચાયત હસ્તકની આંધળાં પાંગળાં તથા લાચાર જરથોસ્તીઓને રાખી પરવરશી કરવા માટેની ધર્મશાળા જેનું મકાન શેઠ ખરશેદજી ફરદુનજી પારખે બંધાવી આપ્યું

દવાખાનાંઓ.

૧ કોટનું ધર્મનું દવાખાનું.
૨ "ધી નેટીવ જનરલ દીસ્પેનસરી" નામનું ખાતું, જેમાંથી ચર્નીવાડી અને ખેતવાડી ખાતે દવાખાનાં ચાલે છે.

મકાંનો વગરનાં ધર્મખાતાંઓ વિગેરે, જેઓ ફક્ત નાણાંની મદદથી સંકટો ટાળે.

બિમારી ટાળનારાં ફંદો.

મગજની બિમારી ટાળવા માટેનાં દીવાનશાળાનાં ફંદો.

૧ શેઠ નશરવાંનજી મા. પીટીટનું દીવાનાઓ માટેનું ફંદ.
૨ ઉપલાં ફંદને મદદ આપવા માટે પારસી પંચાયત હસ્તકનું દીવાનાઓ માટેનું ફંદ.

હાડવૈદનું ફંદ.

હાડવૈદનું ફંદ. પારસી પંચાએત હસ્તકનું હાડવૈદ બીમજી રાંદેલીઆનાં ફંદનું ખાતું. તેમાંથી કોટ અને ઘોબીતળાવ ખાતે ગરીબો માટે ચાલતાં દવા ખાનાંઓને મદદ અપાય છે.

અન્નદાન.

પારસી પંચાયત હસ્તકનાં.

૧ દેશાવરો ખાતેના પારસાઓ માટેનું દુકાળ ફંદ.
૨ મબાઇનાં જરથોસ્તીઓને મોંઘવારીમાં સસતો અનાજ આપવાનું ફંદ.
૩ લાયક ગરીબોને મુફત અનાજ આપવાનું ફંદ.

સામાન્ય ગરીબી ટાલવા માટેનાં ફંદો.

એમાંનાં પેહેલાં સાત પારસી પંચાયત હસ્તક છે.

૧ આંધળાં પાંગળાં તથા લાચાર જરથોસ્તીઓને પગાર આપવાનું.
૨ જમાનાની ગીર્દીશથી તંગદસ્ત હાલતમાં આવેલા જરથોસ્તીઓને આસરો આપવાનું ફંદ.
૩ લાચાર જરથોસ્તી વીધવાઓને આસરો આપવાનું ફંદ.
૪ મુકતાદ ટાંકણે ગુજરાતના ગરીબ જરથોસ્તીઓને મદદ આપવાનું ફંદ.
૫ મુકતાદ ટાંકણે બીજાં કોઇ પણ ઠેકાંણેનાં આંધળાં પાંગળાં તથા લાચારોને મદદ આપવાનું ફંદ.
૬ પારસી પંચાયતના ટ્રસ્ટીઓએ પોતાની નજરમાં આવે એવાં જરથોસ્તીઓના ફાયદા કાજેના સખાવતી કામોમાં વાપરવાનું ફંદ.
૭ જેનરલ ફંદ, જેમાંથી સામાન્ય ધર્મ યા સખાવતનાં યા ટોળાનાં ફાયદાનાં કામો કરવામાં આવે.
૮ શેઠ જાંગીરજી બે. મર્જબાન હસ્તકનું ગરીબોને મદદ આપવાનું ફંદ.

અસાધારણ સંકટ વેળાએ મદદ કરવાનું ફંદ.

પારસી પંચાયત હસ્તકનાં.

૧ મર્કી જેવાં સંકટો ટાળવા માટેનું "સંકટ નિવારણ ફંદ."
૨ ઇનસાફ તથા અરજી કરવા માટેનું ફંદ.

(ગ) ધાર્મીક ખાતાંઓ યાને ધર્માળયો અને ધર્મ સંબંધી વિચારો, ક્રિયાઓ વીગેરેને મદદ આપનારાં ખાતાંઓ. કોઠો ૪.

ધર્મનાં એબાદતખાનાઓ, જેવાં કે આતશબેહેરામો, આદરાનો, વિગેરે માટેનાં ફંદો.

ધર્મ સંબંધી અવસરો, જેવાં કે જશનો વિગેરે ખાસ રીતે પાળનારી મંડળીઓનાં ફંદો.

૧. બઝમે જશને રૂજે અહુરમજદ મંડળી.
૨. જરથોસ્તી ભાઇબંધોની મંડળી.
૩. જશન મંડળી.

ધર્મ ક્રિયાનાં સંબંધનાં ખાતાંઓ.

એમાંનાં પેહેલાં ચાર પારસી પંચાએત હસ્તક છે.

૧. શેહેનશાહી ગાહામ્બારનું ફંદ.
૨. ગરીબ જરથોસ્તી માબાપોને પેટ જનમેલાં બાળકોને સુદરો પેહેરાવવાનું ફંદ.
૩. ડુંગર ઉપરની સગડીમાં ભણુતર ચાલુ રાખવાનું ફંદ.
૪. ગરીબ લાચાર જરથોસ્તીઓની ચાર દીવસની મરણ ક્રીયા કરાવવાનું ફંદ.
૫. કદમી ગાહામ્બાર ફંદ.